# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર—૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ—avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- ‘અધ્યાત્મ’ અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી હરિભાઈ ભોજાણીને શ્રદ્ધાંજલિ | તંત્રી | ૩ |
| સ્વર્ગારોહણ શૈક્ષણિક સિદ્ધિ પારિતોષિક | સેવક ટ્રસ્ટી | ૬ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| પૂ.મા—પ્રભુનો ભૌતિક આવિષ્કાર | પ્રો. તરલા દેસાઈ | ૧૧ |
| પૂ. મા—પ્રભુનું પ્રગટ સ્વરૂપ | નારાયણ હ. જાની | ૧૫ |
| પૂ. પ્રભુ અને પૂ. માનાં માનવીય પાસાં | પ્રગતિ પિનાકીન જાની | ૧૮ |
| વાવવું એ જ લણવું | ડો. આઈ. કે. વીજળીવાળા | ૨૦ |
| પૂ.માના સાન્નિધ્યમાં— | | |
| એક અભિનવ પારાયણ | શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૨૭ |
| પૂ.માની સ્વીઝર્લૅન્ડની યાત્રા | મા સર્વેશ્વરી | ૩૩ |
| અરૂણાચલની તળેટીમાં | અનુ : શ્રીયોગેશ્વરજી,પોલ બ્રન્ટન | ૩૭ |
| સુખ અને સમયનું ધન | સંતવાણી | ૪૬ |
| પ.પૂ.મહારાજ શ્રી રણછોડદાસજીના | સંક્ષેપ : પરમાર્થી | |
| જીવનના પ્રેરક પ્રસંગો | દમયંતીબેન સેજપાલ | ૪૯ |
| Faith in God, put to test | Hitesh Lad | 53 |
| અમે દિલગીર છીએ | તંત્રી | ૫૯ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

### શ્રી હરિભાઈ ભોજાણી–મોરબી, શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રના સ્થાપક ને મોભીની ચિરવિદાય

# એક શ્રદ્ધાંજલિ

–તંત્રી

તા. ૨૫/૬/૧૩ ના રોજ શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર મોરબીના સંસ્થાપક અને મોભી એવા શ્રી હરિભાઈ ભોજાણીનો સ્વર્ગવાસ ૭૯ વર્ષે થયો. જુલાઈ, ૧૯૭૬માં શરૂ કરાયેલ. આ ધ્યાન કેન્દ્ર–મહાત્મા શ્રી યોગેશ્વરજીની આ દિશાની પ્રવૃત્તિનું પ્રથમ કેન્દ્ર બન્યું અને સારું એવું ફલ્યુ–ફાલ્યું, તેના પ્રારંભના પાયામાં શ્રી ભોજાણીભાઈ, શ્રી કલ્યાણ, શ્રી સુખલાલભાઈ વગેરેનો મહત્ત્વનો ફાળો રહ્યો.

પ.પૂ.મહાત્માશ્રી યોગેશ્વરજીની ઉપસ્થિતિમાં મોરબી ધ્યાનકેન્દ્રે–ધ્યાન સાધના શિબિરનું આયોજન કર્યું. તેમાં પૂ.મા શ્રીસર્વેશ્વરીને તેઓની નવી આધ્યાત્મિક ઓળખ આપતું આ નવું નામાભિધાન પ્રાપ્ત થયું આમ માશ્રી સર્વેશ્વરીને જગમંચે પ્રસ્થાપિત કરવાનો યશ મોરબીને પ્રાપ્ત થયો, તેમાં શ્રી ભોજાણીભાઈની પૂ.શ્રી અને પૂ.મા પ્રત્યેની શ્રદ્ધાભક્તિ પાયામાં હતી.

આ કેન્દ્રે જૂન, ૨૦૦૧ રજત જયંતિ ઉજવી, તે પ્રસંગે પૂ.મા સર્વેશ્વરીએ જે સંદેશ મોકલ્યો, તે ખરેજ શ્રી ભોજાણીભાઈ તેમજ મોરબીના સાધક ભાઈબેનો માટે મોટા પ્રમાણપત્રરૂપ છે.

શ્રી ભોજાણીભાઈ ખૂબ ઉત્સાહી ને સારા કાર્યક્ષમ સંયોજક તેમજ આયોજક. તેમની આ શક્તિઓનો લાભ શ્રી મોરબી ધ્યાન કેન્દ્ર તેમજ અધ્યાત્મ માસિકને પણ સારી રીતે પ્રાપ્ત થયો. સને ૨૦૦૪માં તેઓએ અધ્યાત્મ માસિકના પ્રકાશનની રજત



જયંતિ મોરબીમાં ઉજવી માસિકના તંત્રી અને સહકાર્યકરોનું જાહેરમાં સન્માન કર્યું, તે શ્રી ભોજાણીભાઈની આગવી સૂઝના પરિણામે શક્ય બન્યું.

એ વાત સાચી કે એમનાં પત્ની શ્રી મંજુલાબેનના સ્વર્ગવાસ પછી તેમનું શારીરિક સ્વાસ્થ્ય ને મનોબળ ઢીલાં પડ્યાં, પરિણામે લગભગ ત્રીસ વર્ષ સુધી એકધારું ધ્યાન કેન્દ્રનું સ્થળ અને સંચાલન કર્યા પછી તે ફેરવવું પડ્યું. છતાં શ્રી મોહનભાઈ ચૌહાણને ત્યાં આયોજાતી ધ્યાનકેન્દ્રોની બેઠકોમાં તેઓ હાજરી આપી માર્ગદર્શન આપતા ને સહકાર્યકર સાધકોનો ઉત્સાહ વધારતા.

આવા ભોજાણીભાઈ હવે આપણી વચ્ચે નથી. પરંતુ તેઓએ શરૂ કરેલી શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રની પ્રવૃત્તિ–અને અધ્યાત્મ માસિકના પ્રસાર માટેની સુવાસ આપણી પાસે છે. તે શ્રી યોગેશ્વરજી અને પૂ.મા શ્રી સર્વેશ્વરીના ભક્તોના હૃદયોમાં કાયમ કોતરાયેલી રહેશે.

મૃત્યુ પછીની સદ્‌ગતિ ને શાંતિની ચિંતા તો એમને હોય, જેમને માથે કોઈ સમર્થ સત પુરુષની કૃપા ને સહાયનો હાથ ના હોય. શ્રી ભોજાણીભાઈ તો જીવતાં જ સેવાઓ દ્વારા મા–પ્રભુની કૃપા પામ્યા જ હતા. પરિણામે તેમને ન હતી આવી કોઈ ચિંતા કે ખેવના. છતાં લૌકિક રીતે આપણી ફરજના ભાગરૂપે પ્રભુને પ્રાર્થીએ કે જ્યાં પણ એ મહાપુરુષનો આત્મા હોય ત્યાં એને સંપૂર્ણ સુખ, શાંતિ ને આનંદનું પ્રદાન કરજો. ઉપરાંત પરિવારના સભ્યો પુત્રી શ્રી મીના તથા ડૉ.પ્રકાશભાઈ, પુત્ર શ્રી મનીષભાઈ ને ચેતનાબેનને–વડીલની હૂંફાળી છત્રછાયા ગુમાવવાનું દુઃખ સહેવાની શક્તિ પ્રભુ ધરજો.

**ધ્યાનકેન્દ્રની રજત જયંતિ નિમિત્તે પૂ.માનો સંદેશો**

મોરબી ધ્યાન કેન્દ્રની રજત જયંતિ ૨૦૦૧ના પ્રસંગે પૂ.મા

શ્રીસર્વેશ્વરીએ જે સંદેશો મોકલેલો તે શ્રીભોજાણીભાઈ અંજલિરૂપ હોવાથી અત્રે રજુ કરેલ છે. —તંત્રી

| મોરબી ધ્યાનકેન્દ્રની સ્થાપના | રજત જયંતિ |
|---|---|
| તા.૧૧–૭–૧૯૭૬ | તા.૩૦–૬–૨૦૦૧ |

ધ્યાન કેન્દ્રો પૂ.શ્રીની એક આગવી કૃપાદૃષ્ટિનો પ્રસાદ છે. એ પ્રસાદ જે અતિનિયમિત પામે, તે ભવને પાર કરે.

પૂ.શ્રીના યુગકાર્યનું પ્રથમ પસંદગીનું સ્થાન આ ધરતી પામી.

શ્રી હરિકલ્યાણની ભક્તજોડીએ એ અમૃત ઝીલ્યું, વહેંચ્યું ને સૌને ધન્ય કર્યા.

ધ્યાનકેન્દ્રોના આ પાયાના પથ્થરો છે. કૃપાનું ભવ્ય ભવન ૨૫ વર્ષથી અખંડ છે. અનેક પ્રકારના સત્સંગના ધરતીકંપો એને ડગાવી નથી શક્યા.

એક જ સંત, એક જ ગ્રંથ, એક જ ચરણ ને એક જ શરણ.

કેવી નિષ્ઠા! હે હરિકલ્યાણ તમને સૌ ધ્યાનકેન્દ્રોના સાધકો વંદે ને પ્રેરણા પામે.

શ્રી હરિકલ્યાણના શ્રીતનુને વૃદ્ધાવસ્થા વળગી છે. પરંતુ અનેક યુવાશક્તિ એમને વીંટળાઈ રહી છે. આ ધ્યાનકેન્દ્રના ભવ્ય જીવંત મંદિરમાં સૌની શ્રદ્ધાભક્તિ દૃઢ કરનારા હે રાહબરો, તમારા પંથે સૌને આગળ ને આગળ વધવાની શક્તિ મળો.

ધ્યાનકેન્દ્રોનું મંગલ થાઓ. કેન્દ્રોના રાહબરોનું મંગલ થાઓ. ધ્યાનકેન્દ્રના અતિનિયમિત સાધકોનું મંગલ થાઓ.

હે ગુરુદેવ! આપની અમી દૃષ્ટિનો કૃપાપ્રસાદ સૌને પ્રાપ્ત થાઓ.

—મા સર્વેશ્વરી



### સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

## સ્વર્ગારોહણ શૈક્ષણિક સિદ્ધિ પારિતોષિક

સેવક ટ્રસ્ટી

પૂ. શ્રી મા સર્વેશ્વરીની પ્રેરણાથી સ્વર્ગારોહણ ખાતે પૂ.શ્રી મા પાસે નિયમિત આવતા બાળકો અને યુવાનોને તેમની શૈક્ષણિક સિદ્ધિ માટે જાહેરમાં પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી વર્ષ ૨૦૧૦–૧૧થી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સ્વર્ગારોહણ શૈક્ષણિક પારિતોષિક/પુરસ્કાર આપવાનું શરું કરાયેલ છે.

આથી સ્વર્ગારોહણમાં પૂ. શ્રી મા પાસે નિયમિત આવતા બાળકો યુવાનોએ તેમના શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ ના પરિણામ પત્રકની ઝેરોક્ષ નકલ સાથે નીચેની વિગત દર્શાવતી અરજી શ્રી વિઠ્ઠલભાઈ ગોહિલ, વ્યવસ્થાપક, સ્વર્ગારોહણ, દાંતા રોડ, અંબાજીને તા.૩૦ જુલાઈ ૨૦૧૩ સુધીમાં પહોંચાડવી.

જે બાળકોને સ્વર્ગારોહણની પ્રાર્થના અને બે બાવની આવડતી હોય અને ગત વર્ષ દરમ્યાનના કાર્યક્રમો દરમ્યાન પૂ.શ્રી મા પાસે નિયમિત આવ્યાં હોય તે બાળકો/યુવાનોએ જ તેમની અરજી જો નીચે દર્શાવેલ શૈક્ષણિક પરિણામો વર્ષ ૨૦૧૨–૨૦૧૩ દરમ્યાન તેમણે મેળવ્યાં હોય, તેમણે જ અરજી મોકલવા વિનંતી.

**અરજીમાં દર્શાવવાની વિગતઃ—**

(૧) બાળક/યુવાનનું નામઃ—(અટક સાથે)

(૨) માતા—પિતાનું પુરું નામઃ—

(૩) પુરું સરનામુંઃ—

(૪) મોબાઈલ ટેલી.નંબર

અનસંધાન પૃષ્ઠ ૭ પર

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૫ જુલાઈ—૨૦૧૩ અંક ૧૦


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળઃ—વડોદરા, ૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપૂરી.**

**બદરી, કેદારનાથ યાત્રા**

**મંગળવાર તા.૨૫/૫/૮૨**

સવારે સાત વાગ્યે પૂ.શ્રીએ યાત્રાનું પ્રસ્થાન કર્યું ત્યારે પૂ.શ્રીની સાથે સર્વેશ્વરી, આગળની સીટ ઉપર અમેરિકામાં

---

ક્યા ધોરણ/કોર્સનું પરિણામ

માર્કશીટ પરિણામ પત્રકની નકલ સાથે જોડવી જરૂરી છે.

**લાયકાતઃ—**

ધોરણ ૧ થી ૪ — ૮૫% કે તેથી વધુ અથવા A+ Grade

ધોરણ ૫ થી ૮ — ૮૦% કે તેથી વધુ અથવા A Grade

ધોરણ ૯ થી ૧૨ — ૭૫% કે તેથી વધુ

**ડીપ્લોમાં કોર્સઃ—** વર્ષ દરમ્યાનના સેમેસ્ટરના એવરેજ માર્કર્સ ૭૦% કે તેથી વધુ

**માસ્ટર ડીગ્રીઃ—** પોસ્ટ ગ્રેજ્યુએશન ૬૫% કે તેથી વધુ.



વસતા શ્રી હીરાભાઇ અને એમનાં ધર્મપત્ની શ્રી જેલીબેન અને મોટરનો ચાલક ભાઇ શ્રી હરિભાઇ હતાં.

સાત વાગ્યે નીકળતી વખતે પૂ.શ્રીએ કહ્યું "હમણાં જ નીકળો, નહીં તો મોડું થાય તો હેરાનગતિનો પાર નહીં રહે જેથી ઝડપથી ગોઠવાઇ ગયાં."

યાત્રાની પૂર્વ તૈયારી ભારે હોય છે. શ્રી જીતુભાઇ, કુંદનબેન એમાં મુખ્યત્વે મદદરૂપ થયાં. તેમણે આ રીતે બે વાર તૈયારી કરાવી આપી પણ પ્રારબ્ધ બે ડગલાં પાછળ હોય તેમ, શ્રી જીતુભાઈને આ વખતે પણ અનુકૂળતા ન હતી. ઈશ્વરની ઇચ્છા મુજબ એ બધુ બને છે.

વડોદરાથી વાસદ થઇ ડાકોર, કપડવંજ, બાયડ, ધનસુરા, મોડેસા થઇ શામળાજી પહોંચ્યાં. માર્ગ એકંદરે સારો હતો. લગભગ ૧૪૬ કિલોમીટરનું અંતર કપાયું.

૧૧ વાગ્યે શામળાજી આવી ગયાં. મંદિરમાં દર્શન કર્યાં. શ્રી અંબિકા વિજય લોજમાં ભોજન લીધું. પૂ.શ્રીએ રોટલી ને દૂધ લીધાં. શાક ધોઇને લીધું. ભોજનબાદ આરામ માટે આરામગૃહમાં જગ્યા લીધી. આરામ માટે પૂ.શ્રી પલંગ પર સૂઇ ગયા. સર્વેશ્વરીએ ઝાડ નીચે બેસી ડાયરી લેખન કર્યું.

બદરીકેદારની આ યાત્રામાં પૂ.શ્રીની જોડાવાની ખાસ ઇચ્છા ન હતી એનું કારણ પૂ.શ્રીએ ચારવાર એ યાત્રા કરી છે. વળી હવે ભોજન, આરામ, લેખનની અગવડને લીધે પણ પૂ.શ્રી અસંમત થતા લાગે છે.

માર્ચની ૨૩ તારીખે બાજીપૂરાથી મુંબઇ જતાં યાત્રાની સહજ વાતો થઇ અને એમાંથી આ યાત્રાનું સર્જન થયું.

આ યાત્રામાં બીજા ૧૧ ભાઇબેનો રેલ્વેથી યાત્રા કરી

ઋષિકેષમાં ભેગા મળશે. ત્યાંથી યાત્રા બદરીનાથ, કેદારનાથની શરૂ થશે.

સર્વેશ્વરી આજથી ૧૦૦ માળાનો નિયમ શરૂ કરે છે.

શામળાજીમાં વીજળી ન હતી. ખૂબ ગરમી હતી, જેથી ૨–૩૦ વાગ્યે મુસાફરી શરૂ થઇ.

શામળાજીથી રતનપુર ૧૧ કિલોમીટર છે. ત્યાંથી ઉદેપુર, ૧૧૬ કિલોમીટર દૂર આવી ગયાં. રતનપુરથી ૮ નંબરનો હાઇ–વે શરૂ થાય છે. રાજસ્થાન શરૂ થાય છે. સુકો વેરાન પ્રદેશ, ઘરો જુદાં. રસ્તે ચાલનાર ભાઇબેનો અસહ્ય ગરમીમાં પણ ચંપલ વિના ચાલતાં હતાં.

૫ વાગ્યે ઉદેપુર આવી ગયા. સારું ઉતરવાનું સ્થાન કયું તો એની શોધમાં લક્ષ્મીવિલાસ પેલેસ હોટલનું નામ જાણવા મળ્યું. ઉંચે ટેકરા ઉપર તે સ્થાન. એક રૂમના ૨૦૦ રૂ. ભાડું, સરસ જગ્યા, પણ ચાર દિવસથી વીજળી ને પાણી હડતાલને લીધે નથી, જેથી નાથદ્વારા જ જવાનો વિચાર કર્યો.

ઉદેપૂરથી નાથદ્વારા ૫૦ કિલોમીટર છે, જેથી દોઢ કલાકમાં નાથદ્વારા આવી ગયાં. ઉદેપૂરથી ૧૦, ૧૫ મીનીટ જ ડુંગરાળ માર્ગ આવે. બાકી એકંદરે સારો માર્ગ.

વરસાદના છાંટા પણ પડ્યા. બસ સ્ટેન્ડ પાસે કોઠારી અતિથિશાળા નામે વિશાળ. ઉતરવાની જગ્યા છે. સ્વચ્છ છે. રૂમના ૨૦રૂ. છે. સામે જ ભોજનાલય. એક ડીસના ૫રૂ. છે. પૂ.શ્રી માટે ત્યાં ખીચડી બનાવવાનું કહ્યું.

ઉતારા ઉપર સાડાસાતે આવી ગયા. પૂ.શ્રીએ સ્નાન કરી લીધું. સ્નાનબાદ તરત જ લેખનકાર્ય કરવા બેઠા. એક કલાક લેખનકાર્ય કર્યું.



આજે માર્ગમાં શ્રી હીરાભાઇ પૂ.શ્રીને વારંવાર પૂછે છે. પ્રભુ ગરમી નથી લાગતી ને! પ્રભુ તાપ નથી લાગતો ને!

પૂ.શ્રી એના ઉત્તરમાં કહે છે. ના, ના મને તો બપોરે પણ ગરમી નહતી લાગી. અત્યારે પણ નથી લાગતી. ચોવીસકલાક પ્રભુસ્મરણ કરે તેને સંસારના તાપ ન લાગે. સંસારનો તાપ લાગ્યો જ નથી.

વળી પૂછે છે. પ્રભુ આજે આપણે ક્યાં વિશ્રામ કરીશું?

પૂ.શ્રી એના જવાબમાં કહે છે. જુઓ, સંકલ્પો કરવા જ નહીં. સંકલ્પ ન ફળે તો દુઃખ થાય. એટલે પ્રભુ જ્યાં લઇ જશે ત્યાં તેટલે પહોંચીશું.

**પ્રશ્ન :** પ્રભુ હરિદ્વારમાં ઘણી ભીડ થશે તો ક્યાં ઉતરીશું?

**પૂ.શ્રી :** જગદંબા બધી જ ગોઠવણ કરશે. તમે ચિંતા ન કરશો.

રાત્રે પૂ.શ્રીએ ખીચડી, દૂધ, કેરી લીધી. ઠંડા પાણી માટે બરફની શોધ કરતાં બરફ મળી ગયો.

પૂ.શ્રીએ આજે સાંજે સ્નાનબાદ પોતાના કપડાં ધોઇ નાંખ્યાં. ધોઇને જ બાથરૂમમાંથી બહાર નીકળ્યા. સ્વાશ્રયી જીવનનો જીવંત સંદેશ પૂ.શ્રીના આચરણમાંથી મળ્યા કરે છે.

રાત્રે ૧૦ વાગ્યે આરામ કરતાં પહેલાં નોંધ કરી લીધી.

આ યાત્રામાં સાથે આવનાર શ્રી હીરાભાઇ અને એમનાં ધર્મપત્ની પૂ.શ્રી પ્રત્યે અનન્ય શ્રદ્ધા ભક્તિ ધરાવે છે. હજુતો પરિચય થવાને માંડ આઠ માસ થયા છે, ત્યાં કેવો અદ્‌ભુત પ્રેમભાવ.

વળી આ યાત્રામાં ડ્રાયવર તરીકે સેવા આપનાર ભાઇ પણ ખૂબ શાંત, મળતાવળા ને સેવાભાવી જણાય છે.

પ્રભુની કૃપા. (ક્રમશઃ)

# પૂ.મા–પ્રભુનો ભૌતિક આવિષ્કાર

—પ્રો. તરલા દેસાઈ

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

પૂ.શ્રીના અખંડ સ્મૃતિદીપથી પોતાની જ નહીં, આખા જગતને અજવાશ અર્પી રહેલા પ.પૂ.મા સર્વેશ્વરી જ્ઞાનેશ્વરીની જેમ અતિનિયમિતતાથી આપણને પ્રતીત કરાવતાં રહ્યાં છે ''હું તો સામાન્ય કાગળ છું. મારી કશી જ કિંમત નથી, પણ હું મૂલ્યવાન છું, કારણ કે મારા પર રાજ રાજેશ્વરની મહોર લાગી છે.''

પૂ.મા એ પૂ.શ્રી યોગેશ્વરજીને સદા પ્રભુરૂપે અંતઃકરણમાં અધિષ્ઠિત રાખ્યા છે. એટલે પૂ.શ્રી યોગેશ્વરજીનું અલૌકિક સર્જનમાં આ સમીકરણ કોઈપણ સાબિત કરી આપે અને સહુ કોઈ સ્વીકારી લે તેવું છે. પણ પૂ.માની પરમચેતના આજે જે કક્ષાએ છે અને જે કક્ષાએ માના મૌનવચન મૌનકર્મનું વ્યવહાર છે.

માનવ્ય અને દેવત્વની અતિપાતળી સૂક્ષ્મ ભેદરેખાની જે લગોલગ છે. એ નિહાળતાં સર્જક–સર્જનનો ગુરુ અને શિષ્યનો અરે! ભગવાન અને ભક્તનો ભાવ સંપૂર્ણપણે ખરી જતો દેખાય છે. એને સ્થાને એક મધુર અદ્વૈત એ બંને ચેતનાના સ્વરૂપે અનુભવાય છે. જેમાં પોંડીચેરીના માતાજીના શબ્દોનો પડઘો સંભળાય, ''એમના (શ્રીઅરવિંદ) વગર મારું અસ્તિત્વ નથી. મારા વગર એમનો આવિર્ભાવ નથી.'' પૂ.શ્રીના ઉચ્ચારણમાં પૂ.માના હૃદયનો સમગ્ર પ્રેમ ઉમટે છે. જે એમને માટે માત્ર



નામ નથી, જીવંત પ્રભુની હાજરી છે, એટલે તે ઉચ્ચારણ મંત્ર બની જાય છે અને સ્વર્ગારોહણના કણે કણમાં 'ૐ યોગેશ્વરાય નમઃ' મંત્રજાપમાં પ્રભુ ભળી ગયા છે કે એના સમગ્ર વાયુમંડળમાં પૂ.શ્રી હાજરાહજૂર લાગે છે.

યોગતીર્થમાં પ્રતિષ્ઠિત પોતાની ચેતનાની શાશ્વતી જે પૂ.શ્રીએ નરી આંખે નિહાળ્યું હોત તો શ્રી અરવિંદની જેમ એ પણ કહત. ''જો મા ના હોત તો મારું સમગ્ર દર્શન સિદ્ધાંત જ રહ્યું હોત. માએ જ એને વ્યવહારું રૂપ આપ્યું.''

પૂ.શ્રી યોગેશ્વરજી એકાંતમાં રહીને કઠિનમાં કઠીન સાધના દ્વારા પ્રકાશના પંથે સ્થિત રહ્યા. પૂ.માએ એ પંથ પર ચાલવા માનવજાતિની ચેતનાને તૈયાર કરવાની કઠિન સાધના કરતાં રહ્યાં છે અને પળ પળ પોતાના વ્રત, જપ, તપ, યોગાસન, પ્રણામ તેમજ મૌનની અનવરત સિદ્ધિઓનો અપૂર્વ ઈતિહાસ રચતાં રચતાં પ્રેમ અને કરુણાની એવી ગંગા વહાવી રહ્યાં છે કે સમગ્ર માનવજાતને પોતાની દિવ્યતાની ઓળખ મળે. આમ એક જ પરમચેતનાનાં બે સ્વરૂપ દ્વારા બંનેની સાધના–એકની સૂક્ષ્મ રીતે તો બીજાની પ્રગટરૂપે, આજે થઈ રહી છે. એટલે પૂ.શ્રી અને મા ની ચેતના એક જ છે. બંનેમાં એક જ દિવ્ય ચેતના છે અને એટલે જ કોઈ વ્યક્તિને મામાં પૂ.શ્રીની ચેતનાનો અનુભવ થાય અને કોઈને માની પાછળ પૂ.શ્રી રહેલા છે એવું લાગે. પણ હકીકતમાં બંને અભિન્ન છે.

પૂ.મા શ્રી યોગેશ્વરજીને મધ્યસ્થ રાખી એમને બધું જ સોંપી જે રીતે દરેક જીવના કલ્યાણ માટે યજ્ઞકાર્ય કરી રહ્યાં છે. તે જોતાં જણાય કે ''શરીરના અંતિમ કોષ સુધીનું સંપૂર્ણ સમર્પણ

મનુષ્ય દેહે શક્ય છે. માના પ્રત્યેક કાર્યમાં, વ્યવહારમાં પૂર્ણ સમર્પણ જોઇ શકાય છે.'' પૂ.માનો સંદેશ—જીવનસંદેશ એ જ છે કે જગતમાં જો પ્રભુનો આવિર્ભાવ કરવો હોય તો જગતનો ત્યાગ કરીને ધ્યાનમા જ નહીં, રોજીંદા જીવનમાં ક્ષણે—ક્ષણે એમની સાથે એકતા અનુભવી શકાય છે અને એટલે જ સ્વર્ગારોહણમાં સાધક તરીકે આવવા માટે માએ પ્રભાતવંદનાથી માંડીને રાત્રિવંદન સુધીનું એક સમયપત્રક બહુ સ્નેહ અને સૂઝથી તૈયાર કર્યું છે. જીવનનો પ્રેમપંથ મા જાણે આકારી રહ્યાં છે. તેથી મા સર્વેશ્વરીએ પૂ.શ્રીનું અલૌકિક સર્જન. એમ કહેવાથી કર્તા અને કૃતિને અલગ કલ્પવાથી જેમાં સંપૂર્ણ અદ્વૈત છે એમાં દ્વૈતનો અણસાર આવી જાય છે. હકીકતમાં આ એક મા એવો ચૈતન્ય નાતો છે. જે જીવ—જીવ વચ્ચેનો નહીં, શિવ—જીવ વચ્ચેનો પણ નહીં, જે શિવતત્ત્વનો બીજા શિવતત્ત્વ સાથેનો છે. અને એટલે જ અંબાજીના મંદિરમાં ઇ.સ. ૧૯૭૯માં શ્રી યોગેશ્વરજી-એ મા જગદંબાને પ્રાર્થના કરેલી ત્યારે જગદંબાએ ''સાધારણરૂપમાં સેવા કરવા હું પોતે સ્થૂળરૂપ ધરી આવીશ.'' અને મા સર્વેશ્વરીએ પણ પ્રભુ પાસે પ્રભુનું દર્શન પાર્થેલું. એટલે જ પૂ.શ્રી એમના જીવનમાં પ્રભુરૂપે પધાર્યા અને માએ

**''હરિની હતી હરિને વરી''**

એવો નિશ્ચિતભાવ અનુભવ્યો અને ગાયો. પછી પૂ.શ્રી અને મા વચ્ચેનો માત્ર સાડાચાર કે પાંચ વર્ષનો ગાળો એમના બંનેના ચૈતન્ય નાતામાં કંઇક એવું સિદ્ધ કરી ગયું કે બંને આત્માઓને એ પ્રેમ ધન્ય કરી ગયો અને આખું અધ્યાત્મ જગત જે શુદ્ધ, પવિત્ર, મંગલ અને દિવ્ય પ્રેમની પ્રભા મૂકતો ગયો. એ પ્રેમ



એટલો તો પવિત્ર હતો કે એમાં ન હતો સ્ત્રીપુરુષ ભાવ, ન હતો મમત્વનો ભાવ, સ્વનો ભાવ. બંને હૃદય જાણે પરમાત્મની પ્રીતિ અનુભવવા અને જગત આખાને તેની ઝાંખી કરાવવા અવતાર લીધો હોય એમ સતત વ્રત, જપ, યોગ તેમજ સમાધિથી ભક્તિ, કર્મિ અને જ્ઞાનની ત્રિવેણીમાં ડૂબેલાં રહી જીજ્ઞાસુઓને પ્રવચનો, શિબિરો, લેખન, ભજનો વગેરેથી અજવાળતાં ગયાં. ભોગની લાલસાથી સંપૂર્ણરહિત, ત્યાગના અહંકારથી અલિપ્ત, અપૂર્વ સંયમશીલથી શોભતો આ અધ્યાત્મનાતો ભારતમાં જ નહીં; લંડન, અમેરિકા, કેનેડા ઝાંબિયા અને દક્ષિણ આફ્રિકામાં પણ આત્મજાગૃતિની સુગંધ પ્રસારતો ગયો. આજે પણ એનો પ્રભાવ બધો એવો ને એવો જ છે.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# પૂ.મા—પ્રભુનું પ્રગટ સ્વરૂપ

—નારાયણ હ. જાની

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીની ભૌતિક વિદાયના આકસ્મિક સમાચાર તા.૧૮–૦૩–૧૯૮૪ની રાતે મળ્યા. માન્યામાં ન આવે એવી વાત હતી. પણ એનાથી વાસ્તવિકતા થોડી બદલાય જાય?

એ વાત સાચી કે પૂ.ગુરુદેવે પૂ.માને પોતાના ઉત્તરાધિકારી તરીકે પોતાની હાજરીમાં જ સંસ્થારિત કરી દીધાં હતાં, કિન્તુ કોને વિશ્વાસ હતો કે પૂ. ગુરુદેવની અનુપસ્થિતિમાં પૂ.મા પોતે પોતાના આધ્યાત્મિક વિકાસ સાથે સમગ્ર યોગેશ્વર પરિવારને આ રીતે દોરવણી આપી તેનો વ્યાપ આટલો બધો વિસ્તારશે?

સૌથી અગત્યની વાત પૂ.મા માટે પોતાના ત્યાગી જીવનમાં ટકી રહી પોતાની સાધના દ્વારા આત્મિક વિકાસ સાંધી, યોગેશ્વર પરિવારના સભ્યોમાં પોતાનું આગવું સ્થાન ને આદર ટકાવી રાખી, પૂ.શ્રીના ઉદ્દેશોને કાર્યાન્વિત કરવાનું હતું. સાથે સાથે ભક્તોને આધ્યાત્મિક દોરવણી આપી 'પૂ.શ્રી છે જ'ની પ્રતીતિ કરાવવાની હતી. તો આ કાર્ય પૂ.માએ પ્રભુની વિદાય પછી શી રીતે કર્યું અથવા તો એમ કહો કે પૂ.પ્રભુએ જ પૂ.માને માધ્યમ બનાવી છેલ્લા ૨૮ વર્ષોમાં તે સિદ્ધ કેવી રીતે કરાવ્યું તે જોઈએ.

પૂ.ગુરુદેવ જપ ને તપમાં વિશેષ માનતા. તો તેઓની ભૌતિક વિદાયના દિવસથી જ પૂ.માએ અન્ન છોડી દીધું. વળી, એ તપમાં નિર્જળા ભળ્યા. થોડા સમય પછી મૌન પણ ઉમેરાયું. પૂ.મા ઉત્તરોત્તર તપની તીવ્રતા વધારતાં જ ગયાં ને તેમાં પાર



પણ ઉતરતાં રહ્યાં.

જપની વાત કરીએ તો પૂ.શ્રી રોજની સો માળા કરતા. તો પૂ.શ્રીએ માને માધ્યમ બનાવી છેલ્લા ૧૨–૧૩ વર્ષમાં પૂ.મા દ્વારા ૧૫ કરોડ જપનો વિક્રમ સર્જ્યો. છતાં આજે રોજની ૩૩૪ માળાના જપનું તપ ચાલ્યા જ કરે છે. શું સામાન્ય માનવનું આ ગજું છે?

પૂ.શ્રીનાં રોજનીશીઓનાં લખાણો પ્રકાશના પંથે ગ્રંથોનો પાયો છે. તો પૂ.માની રોજનીશી લખવાની ટેવ પણ એક નવા જ આધ્યાત્મિક ઈતિહાસ સર્જનની પ્રક્રિયા બની રહેશે. સ્વર્ગારોહણનું પ્રભુએ પ્રારંભેલું કાર્ય ક્યાંથી—ક્યાં પહોંચ્યું તે તો પ્રત્યક્ષ દેખાય જ છે. પૂ.શ્રીની વિદાય પછી એ અધૂરું છોડી દેવું પડશે એવું એક તબક્કે લાગ્યું હતું, પણ આજે તેનો વિકાસ તો જુઓ! સાધકો માટે સાધના ને આશ્રયનું સ્થાન બન્યું છે. તો પછાત ને ગરીબો માટે એક ભૌતિક સહાયનું આશ્રય સ્થાન. અહીંના આદિવાસી વિદ્યાર્થીઓ તો પૂ.માની અનોખી સહાયને લીધે ઠંડીથી છૂટકારો પામ્યા છે. તો ભણવાની ને દૈનિક જીવનની જરૂરિયાતો પણ સંતોષાઈ છે. જાણે પૂ.શ્રીને ઓર્ફનેજમાં રહી ભણવું પડેલું તેનું કેટલું સાટુ પૂ.માએ વાળી લીધું છે! મસૂરીના વિદ્યાર્થીઓને પણ પૂ.મા ભૂલ્યાં નથી.

પૂ.માએ અધ્યાત્મને પણ આર્થિક રીતે સધ્ધર કરી, પૂ.શ્રીને પ્રિય એવું એ કાર્ય પણ અદ્‌ભુત રીતે પાર પાડ્યું છે. તો પૂ.મા પ્રભુ સાથે મળી અધ્યાત્મના તંત્રીને ૯૪ વર્ષે પણ સક્ષમ રાખી કામ કરાવતા રહે છે, એ શું ઓછા આશ્ચર્યની વાત નથી?

સત્કર્મો ને સેવાયજ્ઞો તો પૂ.મા સતત કરતાં જ રહે છે. તે

માટે દાનનો પ્રવાહ પણ એકધારો વહેતો રહે છે. પૂ.મા દાન પણ વિવેકપૂર્વક જ ગ્રહણ કરે છે. કંઇક સાધકોની લક્ષ્મી પૂ.માએ પાછી ઠેલી છે.

આ બધું જાણ્યા પછી શું નથી લાગતું કે પૂ.ગુરુદેવ જ પૂ.માના શરીરના માધ્યમ દ્વારા આ બધું કરી રહ્યા છે? એક વાત સાચી કે પૂ.માએ તપ દ્વારા પોતાની એ માટેની પાત્રતા સ્થાપિત કરેલી, જેથી પૂ.શ્રીની પસંદગી તેઓ પર ઉતરી. તો એવાં મા અમારા પર સતત કૃપા વરસાવતાં રહેજો. કારણ, આપની અહેતુકી કૃપામાં જ અમને પ્રભુના દર્શન થતાં રહે છે. આપની સાધના અને કાર્યો દ્વારા પૂ.ગુરુદેવની સાહિત્યસેવા પણ એક દિવસ જગમંચ પર નોંધપાત્ર બનશે, બનશે ને બનશે જ.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# પૂ.પ્રભુ અને પૂ.માનાં માનવીય પાસાં

**–પ્રગતિ પિનાકીન જાની**

**॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥**

આપણામાંથી ઘણાં ભક્તો પ.પૂ.પ્રભુ શ્રી યોગેશ્વરજીની છત્રછાયા પામ્યા છે. શ્રી પરમાર્થીએ યોગેશ્વર વંદનાષ્ટકમાં પૂ.પ્રભુની સામર્થ્ય શક્તિની પ્રતીતિ કરાવતાં લખ્યું છે કે ''દાસી થૈ ચરણે રહી નવનિધિ ને અષ્ટસિદ્ધિ સદા'' તે જ સિદ્ધિઓ આપણે પૂ.મામાં પણ આવિર્ભાવ પામેલી અનુભવીએ છીએ. પૂ.પ્રભુની દેહાતીત અવસ્થા જેવી જ પૂ.માની દેહ છતાંય જેની દશા વર્તે દેહાતીત અવસ્થા આપણે જોઇ શકીએ છીએ. આપણે બધા જ પ.પૂ. પ્રભુના નિકટ સાન્નિધ્યમાં આવ્યા છીએ. પરંતુ પ.પૂ. પ્રભુની સાચી ઓળખ પ.પૂ. માએ કરાવી છે. પૂ.પ્રભુને આપણી સાથે એકાકાર કર્યા છે. પૂ.પ્રભુના લીલા સંવરણ પછી પૂ.માએ પૂ.પ્રભુ સાક્ષાત્‌રૂપે આપણી વચ્ચે નથી એવું ક્યાંય લાગવા જ દીધું નથી. પૂ.પ્રભુ પૂર્ણરૂપે પૂ.મામાં સમાઇ ગયા છે. જેની સ્વીકૃતિ સ્વયં પૂ.માએ પણ આપી છે. પૂ.મા અને પૂ.પ્રભુનો કોઇ ભેદ જ રહ્યો નથી. જે પ્રેમ, આત્મભાવ, નિયમિતતા, શિસ્ત પ્રભુના સમયમાં હતી તે જ બધું પૂ.મા સાથે પણ અનુભવાય છે. પ.પૂ. પ્રભુનું વ્યક્તિત્વ જ એવું હતું કે સામાન્ય રીતે ભક્તો પોતાની ભૌતિક, સામાજીક ને સાંસારિક મૂંઝવણો પ્રભુ પાસે રજૂ કરતાં ખચકાટ અનુભવતા. પરંતુ પ્રેમના સિંધુ સમા પ.પૂ.મા પાસે કોઇપણ ખચકાટ વિના આપણે ખુલ્લા થઇ શકીએ છીએ. પ.પૂ.મા તેનું સચોટ માર્ગદર્શન કરી આપણા જીવનના બધા જ કંટકો અને નકામાં ડાખળાં દૂર કરી

આપણને નિર્મળ અને હળવા બનાવી દે છે.

એક પ્રસંગ પરની અનુભવી શકાય કે પૂ.મા અને પૂ.પ્રભુ બે વિભિન્ન વિભૂતિઓ છે એવા ભેદ જ ભૂલાઇ ગયા છે. સન ૧૯૭૬માં જ્યારે અમારી લાડકીબેન બિંદુનો એક્સિડન્ટ થયો જે તેના માટે જીવલેણ રહ્યો. આ જાની પરિવાર માટે વજ્રઘાત હતો. પૂ.કાકા અને પૂ.જીજી માટે આ આઘાત અસહ્ય હતો પણ જેના માથે સમર્થ પ્રભુનું છત્ર હોય તેવા પ્રભુ તેને દુઃખ જીરવવાની શક્તિ આપવા જાતે કૃષ્ણ બની દોડી આવી સાંત્વન આપી પોતાના બધા જ નિયમ કાર્યક્રમો રદ્દ કરી ૧ મહિનો ભાવનગર આવી રહ્યા, અને લાડકી દીકરીના અકાળે થયેલા અવસાનને જીરવવાની શક્તિ આપી. જાની પરિવારને બેઠો કરી દીધો. તેવી જ રીતે સન ૧૯૯૪માં અમારાં પૂ.માતાનું દેહાવસાન વખતે અમારા પિતાજી નારાયણભાઈ તેમજ પરિવારને પાંખમાં લેવા પળનાય વિલંબ વિના પૂ.મા દોડી આવ્યાં. અને અમારા પિતાને ટટ્ટાર કરી દીધા. આપણા આ જન્મ મૃત્યુના ફેરામાં પણ દેખીતી રીતે પૂ.મા અને પૂ.પ્રભુના ભેદ નથી, તો પૂ.મા અને પૂ.પ્રભુ ભિન્ન અવતારો છે તેની કલ્પના પણ કેવી રીતે કરી શકાય? પૂ.પ્રભુના લીલા સંવરણ પછી પૂ.શ્રી પ્રભુ પૂ.મામાં જ સમાઈ આપણા જ્યોતિર્ધર, આપણા જીવનના શ્વાસ બની રોમરોમમાં સમાઈ ગયા છે. અરે! પ્રભુ સર્વત્ર છે. આપણને સતત અહેસાસ કરાવતા નથી પરંતુ આપણે જ તે અનુભવી શકીએ. આપણી સાથે જ છે, આપણા પ્રાણ છે.



# વાવવું એ જ લણવું

—ડૉ. આઈ. કે. વીજળીવાળા

ફેબ્રુઆરીના દિવસો હતા. પરદેશના એક અત્યંત ઠંડા પ્રદેશમાં એ વખતે બરાબરની બરફવર્ષા થતી હતી. એવા વાતાવરણમાં, મેલાંઘેલાં કપડાં તેમ જ ચીંથરા વીંટાળીને એક માણસ રસ્તાના કાંઠે ફૂટપાથ પર ટૂંટિયું વાળીને પડ્યો હતો.

અચાનક એક મોંઘીઘાટ કાર એની સામે રસ્તા પર આવીને ઊભી રહી ગઈ. અત્યંત પૈસાદાર દેખાતી એક સ્ત્રી એમાંથી ઊતરી. પેલા ટૂંટિયું વાળીને સૂતેલા ભિખારી જેવા માણસ પાસે જઈને એણે એને પૂછ્યું, ‘‘ભાઈ! તને ભૂખ લાગી છે?’’

પેલા માણસે ઊંચું જોયું. અતિ વૈભવશાળી દેખાતી એ સ્ત્રીને આવું પૂછતી જોઈને એ ગિન્નાયો. એણે ઘસીને ના પાડી દીધી. એનું એક કારણ એનો અનુભવ પણ હોઈ શકે, કારણ આવા પૈસાદાર લોકો દેખાડો કરવા માટે જ ઘણી વાર આવું નાટક કરતા હોય છે. પછી છેવટે તો એ લોકો થોડાક છૂટક સિક્કા કે ચિલ્લર જ ફેંકતા હોય છે. પોતાના આવા અનુભવને કારણે જ એણે ના પાડી હતી. એ ફરીથી ટૂંટિયું વાળી ગયો.

પરંતુ અચાનક એને નવાઈ લાગે એવી વાત બની. પેલી સ્ત્રી પોતાના નાજુક હાથો વડે એને ઊભો કરવાની કોશિશ કરી રહી હતી. ભિખારી જેવા એ માણસને એનાથી વિસ્મય જરૂર થતું હતું, પરંતુ એ ઊભો થતો ન હતો.

એ મથામણ ચાલતી હતી એ વખતે જ એક પોલીસ ઑફિસર ત્યાં આવીને ઊભો રહી ગયો. પેલી સ્ત્રી તેમજ

ભિખારી જેવા માણસને ઊભો કરવાના એના પ્રયત્નો જોઈને એણે પૂછ્યું, 'મેમ! આ માણસ કાંઇ તકલીફ તો નથી ઊભી કરી રહ્યો ને?'

'અરે! ના ના! ઓફિસર!' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો, 'હું તો ફક્ત એ માણસને ઊભો કરવાની કોશિશ કરી રહી છું!'

એ સાંભળીને પોલીસ ઓફિસર નજીક આવ્યો. પેલા ભિખારી જેવા માણસને ધ્યાનથી જોઈને પછી બોલ્યો, 'ઓ ભગવાન! આ તો જેક છે! આ ડોસો તો છેલ્લાં ઘણાં વરસથી અહીંયા પડ્યો હોય છે, પરંતુ મેમ! તમારે વળી એનું શું કામ પડ્યું?'

'કામ તો કાંઇ નથી પડ્યું, ઑફિસર!' પેલી સ્ત્રીએ કહ્યું, 'આ તો હું એને સામેના રેસ્ટોન્ટમાં લઇ જવા માગું છું. લાગે કે ઘણા દિવસોથી એણે બરાબર ખાધું નહીં હોય અને એના હાથ પણ જુઓને, કેટલા બધા ઠંડા છે! એ બહાને એને થોડી વાર માટે ગરમાવો પણ મળી રહેશે!'

બરાબર એ જ વખતે પેલો ભિખારી જેવો માણસ સળવળ્યો અને બોલ્યો, 'અરે બહેન! તમે ગાંડાં તો નથી ગયાં ને? જુઓ, મારી એક વાત સાંભળી લો. હું એ રેસ્ટોરન્ટમાં નથી જ જવાનો. એ લોકો મને જોતા વેંત ધક્કા મારીને કાઢી મૂકે છે. એટલે મહેરબાની કરીને તમે એવી જીદ ન કરતાં!'

આટલું કહીને એ માણસ જેક ફરીથી ટૂંટિયું વાળી જવા માગતો હતો, પરંતુ પોલીસ ઑફિસરનો મજબૂત હાથ એના બાવડા પર વીંટળાતા જ એને સમજાઇ ગયું કે પોતાનું હવે કંઇ નહીં ચાલે. એટલે નછૂટકે એણે એનો વિરોધ બંધ કરી, ઊભા



થઈને એ બંનેની સાથે ચાલવાનું શરૂ કરી દીધું.

પેલી શ્રીમંત સ્ત્રી અને પોલીસ ઑફિસર ઘરડા જેકનો હાથ પકડીને રેસ્ટોરન્ટના એક ખૂણાના ટેબલ સુધી લઇ આવ્યાં. હજુ તો એ લોકોએ જેકને બેસાડ્યો જ હશે ત્યાં રેસ્ટોરન્ટનો મેનેજર દોડતો આવી પહોંચ્યો અને બોલ્યો, 'કેમ ઑફિસર? આ બધું શું ચાલી રહ્યું છે?'

'કંઇ નહીં!' પોલીસ ઑફિસરે જવાબ આપ્યો, 'આ ઘરડો માણસ જેક તકલીફમાં છે અને આ સન્નારી એને ભોજન કરાવવા અહીં લઇ આવ્યાં છે!'

'બિલકુલ નહીં!' મેનેજર તાડૂક્યો, 'મારા રેસ્ટોરન્ટમાં તો નહીં જ! સવાર સવારમાં આવા માણસો આવી ચડે એને હું અપશુકન ગણું છું!'

આ બધો વાર્તાલાપ સાંભળીને પેલો ઘરડો માણસ, જેક ભોંઠો પડી ગયો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એ બોલ્યો, 'જોયું મેમ, હું નહોતો કહેતો? આવી જગ્યાએ મારા જેવા માણસોને આવું બધું જ સાંભળવું પડે! હવે મહેરબાની કરીને મને જવા દો. શેરીમાં ઠૂંઠવાઇને મરી જવાનું હું પસંદ કરીશ, પરંતુ અહીંયા ક્યારેય નહીં આવું.' એના બોખા મોં પર પારાવાર વેદના લીંપાયેલી હતી.

થોડીક ચીડ સાથે પેલી શ્રીમંત સ્ત્રીએ મેનેજરને પૂછ્યું, 'સર! તમે અહીંથી બીજી ગલીમાં આવેલ બેન્કિંગ ફર્મ ''એડી એન્ડ એસોસિયેટ્સ'' અંગે તો સાંભળ્યું જ હશે, ખરું?'

'અરે, કેમ નહીં? એ બેન્કિંગ ફર્મ તો દર અઠવાડિયાની એમની મિટિંગ અને મોટી પાર્ટી અમારા રેસ્ટોરન્ટના હૉલમાં જ

રાખે છે!' મેનેજર થોડીક નવાઇ સાથે બોલ્યો.

'હમ્ મ્! અને એ પાર્ટીઓમાંથી તમારા રેસ્ટોરન્ટને પણ સારો એવો નફો થતો હશે, બરાબરને?' પેલી સ્ત્રીએ ફરીવાર એવી જ રીતે પૂછ્યું.

મેનેજર હવે થોડાક ગૂંચવાયો. થોડાક ખચકાટ સાથે એ બોલ્યો, 'એ બધું બરાબર, પણ એની સાથે તમારે શું નિસ્બત છે?'

'ના, ખાસ કોઇ નિસ્બત નથી, પરંતુ હું જ એ કંપનીની માલિક પેનેલોપ એડી છું!' એ સ્ત્રી હસતાં હસતાં બોલી. પછી પોતાનું વિઝિટિંગ કાર્ડ મેનેજરને આપતાં બોલી, 'માફ કરજો, પરંતુ મને લાગ્યું કે તમને આટલું જણાવવું જરૂરી છે!'

હવે ભોંઠા પડવાનો વારો મેનેજરનો હતો. થોડી વાર એ ચૂપચાપ નીચું જોઇને ઊભો રહ્યો. પછી વેઇટરને બોલાવી એ લોકોનો ઑર્ડર નોંધવાનું કહીને એ જતો રહ્યો.

મેનેજરના ગયા પછી પેલી સન્નારીએ જેકને પૂછ્યું, 'જેક! મને ઓળખી?'

ઘરડા જેકે એને ઓળખવાની કોશિશ કરતા કહ્યું, 'મેમ! તમારો ચહેરો તો જાણીતો લાગે છે, પરંતુ...કંઇ બરાબર યાદ નથી આવતું!'

પેલી સ્ત્રી સહેજ હસતાં બોલી, 'હા, હવે મારી ઉંમર પણ વધી છે અને હું થોડી જાડી પણ થઇ ગઇ છું, પરંતુ તમે આ જ રેસ્ટોરન્ટના મેનેજર તરીકે કામ કરતા હતા એ વખતે એક ફેબ્રુઆરીની આવી જ ઠંડી સવારે હું અહીં આવી હતી, આ સામેના દરવાજેથી જ! ભૂખી, બેહાલ અને ઠંડીથી થરથરતી, યાદ આવે છે?'



જેક તથા પેલો પોલીસ ઑફિસર એની સામે હજુ નવાઇથી જ જોઇ રહ્યા હતા. આટલી શ્રીમંત સ્ત્રી ક્યારેક ભૂખી અને દુઃખી હોય એ વાત હજુ એમના મનમાં બરાબર ગોઠવાતી નહોતી.

પરંતુ પેલી સ્ત્રી તો જાણે વીતી ગયેલાં વરસોમાં ખોવાઇ ગઇ હોય એમ બોલતી જતી હતી, 'એ વરસે મને કૉલેજમાંથી કાઢી મૂકવામાં આવી હતી, કારણ કે મારી પાસે કૉલેજની ફી ભરવાની તેવડ નહોતી. ઘરેથી થોડીક રકમ લઇને હું આ શહેરમાં આવી હતી. એક ઓરડી ભાડે રાખીને મેં કામ શોધવાની શરૂઆત કરી. કોઇ જગ્યાએ મને નોકરી ન મળી. ભાડાની રકમ નહીં ચૂકવી શકવાને કારણે મારે એ ઓરડી છોડવી પડી. એ પછી તો દિવસોના દિવસો સુધી હું શેરીઓમાં ભટકતી રહેતી. એક ફેબ્રુઆરીની આવી જ ઠંડી સવારે ભૂખ અને ટાઢથી અધમૂઇ થયેલી હું હિંમત કરીને આ રેસ્ટોરન્ટમાં પ્રવેશી હતી ત્યારે આ જેક અહીં મેનેજર હતા.'

'અરે હા! યાદ આવ્યું!' જેક બોલ્યો, 'તમે આવીને મને પૂછેલું કે કોઇ પણ કામના બદલામાં તમને ખાવાનું મળી શકે કે નહીં? અને મેં કહેલું કે એ અમારી કંપનીના નિયમોની વિરુદ્ધ છે, બરાબર?'

'બરાબર!' પેલી સ્ત્રીએ કહ્યું, 'મારી પાસેથી બિલની રકમ મળવાની કોઇ શક્યતા નહોતી, છતાં તમે મને એક ખૂબ જ મોટી સેન્ડવિચ અને કૉફી આપી હતી. આ, હા, આજ ટેબલ પર બેસીને નિરાંતે નાસ્તો કરવાનું તમે મને કહેલું. મારા મનમાં બીક હતી કે હું બિલ કઇ રીતે ચૂકવીશ અને એ બીકના કારણે હું ખાઇ પણ નહોતી શકતી. તમે મારી એ બીક પારખીને મારી સામે હસીને

શાંતિથી નાસ્તો કરવાનો ઈશારો કરેલો. સેન્ડવિચમાંથી એક બટકું ભરીને મેં તમારી સામે જોયું ત્યારે તમે તમારા ખિસ્સામાંથી મારા બિલની રકમ કાઢીને કેશબોક્સમાં મૂકી રહ્યા હતા અને વેઈટરને એ સમજાવી રહ્યા હતા. નાસ્તો કરીને હું તમારા ટેબલ સુધી આવી ત્યારે તમારો આભાર માનવાના શબ્દો પણ હું નહોતી ઉચ્ચારી શકી, પરંતુ સતત વહેતાં મારાં આંસુઓએ બધું જ કહી દીધું હશે એવું મને લાગ્યું હતું!'

એ બહેને વાત પૂરી કરી. એની આંખોમાંથી એ સમયે પણ શ્રાવણ–ભાદરવો વહેતા હતા. થોડી વાર સુધી કોઈ કંઈ જ ન બોલ્યું.

પછી જેકે કહ્યું, 'એ પછી તમને નોકરી મળી ગઈ હતી? ક્યારે મળેલી?'

'હા! તરત જ! એ જ બપોરે!' આંખો લૂછતા એ સ્ત્રીએ કહ્યું, 'એ પછી તો હું આગળ વધતી જ ગઈ. થોડાં વરસ પછી મેં મારો પોતાનો જ બિઝનેસ શરૂ કર્યો અને ઈશ્વરની કૃપાથી આજે ઘણી મોટી બેન્કિંગ કંપનીની માલિક છું.'

એટલું કહી એણે પોતાના પર્સમાંથી એક કાર્ડ કાઢ્યું. એના પર કંઈક નોંધ કરી પોતાની સહી કરી. પછી થોડાક ડૉલરની નોટ્સ કાઢી. જેકને એ બધું પકડાવતા એણે કહ્યું, 'જેક! અહીંથી નાસ્તો પતે પછી આ સરનામે જજો. મારા સેક્રેટરી તમને કામ પર રાખી લેશે. એની પાસેથી થોડા વધારે ડૉલર એડવાન્સ પેટે મળશે. એ લઈ સારાં કપડાં ખરીદજો અને એ પછી એક એપાર્ટમેન્ટ ભાડે રાખી લેજો અને હા, ક્યારેય કોઈ પણ વસ્તુની જરૂર પડે તો એ કાર્ડમાં મારો નંબર છે. મને ફોન કરજો!''



એટલું કહી એ સ્ત્રી ઊભી થઈ. એણે બહાર જવાની તૈયારી કરી. એ સમયે જેકે પોતાનું રડવું ન રોકી શક્યો. માંડ માંડ એ બોલ્યો, 'હું તમારો કઈ રીતે આભાર માનું?'

'અરે જેક! તમારે મારો આભાર માનવાની જરૂર નથી. ભગવાનનો આભાર માનો કે જેની કૃપાથી હું તમને ઓળખી શકી!' એટલું કહી એ સ્ત્રી પોલીસ ઑફિસર તરફ ફરીને બોલી, 'થેન્ક યુ ઑફિસર! તમારી મદદ માટે ખૂબ આભાર!'

'નહીં લેડી! પોલીસ ઑફિસરે કહ્યું, 'ઊલટાનો મારે તમારો આભાર માનવો જોઈએ, આવા ઉમદા કાર્યમાં મને જોડવા બદલ! અને હા, કૉફી માટે તમારો ખરેખર આભાર માનું છું. તમે આજે જેક પર મોટી મહેરબાની કરી છે.''

'નહીં ઑફિસર! જેકની ઉપર મેં કોઈ મહેરબાની નથી કરી. જેક તો એણે જે વાવ્યું હતું એ જ લણી રહ્યો છે! બસ, બીજું કંઈ નહીં!'

એટલું કહી, એ પ્રતિભાશાળી સ્ત્રી પોતાની વૈભવી કારમાં જતી રહી. જેક અને પોલીસ ઑફિસર એને જતી જોઈ રહ્યા!

★

ભગવાન કે ઈશ્વર એ એટલી વિશાળ હસ્તી છે કે આખું વિશ્વ એની મુઠ્ઠીમાં સમાઈ જાય અને એનું પ્રેમ સ્વરૂપ તો એટલું નાનકડું છે કે આપણા મુઠ્ઠી જેવડા હૃદયના કોઈ ખૂણે પણ આરામથી રહી શકે!

પૂ.માના સાન્નિધ્યમાં

# એક અભિનવ પારાયણ

(ગતાંકથી ચાલુ) —શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી

**પ્રકરણ ૧૧૫ નવરાત્રિવ્રત અને પછી**

**પ્રકરણ ૧૧૬ ૨૦દિવસના ઉપવાસ**

**પ્રકરણ ૧૧૭ શીરડીના યાત્રા**

**પૂ.શ્રીમાઃ—**અમે પૂ.શ્રી સાથે શીરડી સાકોરી ગયાં. સાકોરીમા તે દિવસે ગોદાવરી માતાના જન્મદિવસ જેવો કોઇ ઉત્સવ હતો. સરસ શણગાર હતો. પૂ.શ્રીનું સ્વાગત ગોદાવરી માતાએ ત્યાં રહેતી ભગવાં વસ્ત્રધારી કન્યાઓ પાસે કરાવ્યું. જે આસન તેમના માટે હતું તેના ઉપર પૂ.શ્રીને બેસાડ્યા. કેટલી બધી ઉદારતા! કેટલો બધો સંતપ્રેમ? એ એ યાત્રાનું સ્મરણીય ભાથું હતું.

**પ્રકરણ : ૧૧૮ અન્નદાતાનો મેળાપ**

**પૂ.શ્રીમાઃ—**ગંગાજીમાં સ્નાન કરનારા કે પગ બોળીને બેસનારા કે અંદર જનારા સૌ એક વાત યાદ રાખે કે ગંગાજીને પ્રણામ કરીને જ જઈએ. ધૂન કે બાવની બોલીએ, બીજીવાતો ન કરીએ. ગંગાજી જીવંત છે.

**પ્રકરણ : ૧૧૯ નર્મદા તટની યાત્રા**

અન્નદાતાનું કોઇ સ્થાન વડોદરામાં છે?

**પ્રકરણ : ૧૨૦ વેરાવળ આગ્રાને અલ્મોડા**

**પ્રકરણ : ૧૨૧ નવરાત્રિના ઉપવાસ**



**પૂ.શ્રીમાઃ—**નવરાત્રિ શરૂ થતી હતી. પૂ.શ્રી અમારે ત્યાં સૂરત હતા. આગલે દિવસે પૂ.શ્રીએ કહ્યું મારે નવરાત્રિ પાણી ઉપર કરવાની છે. અમને એટલો બધો સંકોચ અને શરમ આવતી હતી એટલે અમે કાંઇપણ પૂછ્યા વિના વિચાર્યું કે પાણી ઉપર નવરાત્રિ એટલે લીંબુંનું પાણી પણ લેશે, નાળિયેરનું પાણી પણ લેશે, પણ અમારી એ યોજના બંધ રહી. પૂ.શ્રીએ સ્પષ્ટ સૂચના આપી કે નળનું માટલાનું પાણી જ અમે નવ દિવસ લઈશું. અમારે માટે એ પહેલો પ્રસંગ હતો. ને ખરેખર પૂ.શ્રીએ નવ દિવસ પાણી ઉપર ઉપવાસ કર્યા. એ દિવસોમાં મુલાકાત પ્રવચન બંધ હતાં. પૂ.શ્રી આખો દિવસ પોતાના ઓરડામાં શાંતિથી પ્રાર્થનામાં સમય પસાર કરતા. લગભગ મૌનવ્રત પાળતા. આ ગ્રંથમાં નવરાત્રિ પાણી ઉપર એવાં ઘણાં પ્રકરણો આવે છે. એ આપણે માત્ર વાંચીએ છીએ જ્યારે એવા ઉપવાસ વર્ષો સુધી માતાજીએ પણ જોયા છે તપનાં એક માત્ર સાક્ષી પૂ.માતાજી હતાં. ચંપકભાઇ કે નારાયણભાઇ કે રામેશ્વર પ્રસાદ કોઇ કોઇ એવા પાત્રોએ કેટલાક ઉપવાસ જોયા છે. પણ પૂ.માતાજીએ એવા દરેક ઉપવાસ જોવાનું ભાગ્ય પ્રાપ્ત કર્યું છે. કોઇમાતા એવા યુવાન પુત્રને પાણી પર વ્રત કરતા કેવી રીતે સહન કરી શકે? પણ એવી માતા પણ પસંદગીનું પાત્ર હતું, તો જ પુત્રની સાધના—પુત્રની તપસ્યા—ત્યાગ સમજી શક્યાં અમારી જિંદગીમાં અમે એ મહાપુરુષને પ્રથમવાર ઉપવાસ કરતા જોઇ શક્યાં. પૂ.શ્રી એવું કહેતા ૧૨—૧૨ વર્ષ અમે નવરાત્રિ પાણી ઉપર જ કરી છે. આપણા સામાન્ય જીવનમાં પણ મફતમાં કાંઇ

ન મળે. મૂલ્ય ચૂકવીને જ મેળવવું પડે. પૂ.શ્રી જેવા એક બાળકને પૃથ્વી પર પધરાવીને સાધનાનો આટલો મોટો લાંબો કઠોર ઈતિહાસ પણ બાળપણથી જ પ્રગટાવ્યો. નવ વર્ષના એ નાનકડા બાળકને એકલો મુંબઇ ગાડીમાં બેસાડે તે સ્વજનોની પણ કેવી લાચારી હશે! આર્થિક રીતે ના પોસાય તો જ એ નવ વર્ષના બાળકને એકલા વડોદરાથી મુંબઇ મોકલે. એ બાળક મુંબઇ ના પહોંચ્યો હોત તો! જાણે પૂ.શ્રીને બાળપણથી જ રામભરોસે જીવવાની તક મળી. પિતા વિનાના એ પુત્રને જીવનભર કોણે છત્ર ધર્યું? એ બાળકને જાણે નાનપણથી જ પ્રભુ ઉપર જ શ્રદ્ધા રાખવી એવા સંજોગો ઊભા કર્યા. સરોડાના એ નાનકડા ગામમાં જન્મેલા એ બાળકને પ્રભુએ ક્યાં ક્યાં ફેરવ્યા. ક્યાં ક્યાં તપ કરાવ્યું? કેટલા બધા અસંખ્ય દર્શનના અનુભવ આપ્યા? આકરી તપસ્યા, નિદ્રા વગરનાં અનેક વરસો! સાઉથ આફ્રિકામાં અમે હતા તો ત્યાં ના ન્યુઝપેપરના સૂત્રધારે પૂ.શ્રીનો ઈન્ટરવ્યુ લીધો ને તેમણે કેટલાક પ્રશ્નો પૂછ્યા. બીજે દિવસે પેપરમાં અંગ્રેજીમાં લેખ આપ્યો ફોટા સાથે, ૭ વર્ષ નિંદ્રા વગરના સ્વામીશ્રી યોગેશ્વરજી ડર્બનમાં પધાર્યા છે. એક પાત્રને પ્રભુ પસંદ કરીને આવડો મોટો ઈતિહાસ જીવાડીને લખાવે. પ્રકાશપંથને જીવતાં કેટલા બધાં વર્ષો લાગ્યાં! ને વાંચતા માત્ર થોડા જ દિવસો ૧–૧ પંક્તિ એમણે જીવી બતાવી છે આપણે તો માત્ર વાંચવાની જ છે. પારાયણને ધ્યાનથી વાંચીને કોઇકને તો પ્રયોગ કરવાનું મન થશે, થવું જોઇએ! એકાદ ઉપવાસ, એકાદ જપનું અનુષ્ઠાન, એકાદ સારો નિયમ કંઇક તો કરવું જ



પડે. જે જાણે તેને માથે કરવાની જવાબદારી હોય છે. આપણે જાણી લીધું કે પ્રાર્થનાથી પ્રભુ કૃપા મળે છે તો પછી પ્રાર્થના કરવાની જવાબદારી આપણી છે. પ્રકાશપંથમાંથી પ્રાર્થનાનો એક સુંદર પાઠ દરેક પૃષ્ઠમાંથી મળે છે. પ્રાર્થનામાં વિશ્વાસ વધે એવા ઘણા પ્રસંગો વાંચ્યા. પ્રાર્થના જ જાણે પૂ.શ્રીનું એક મોટું મહત્ત્વનું સાધન હતું. પારાયણમાંથી પ્રાર્થનાને પકડી લેવી ને જીવનની વિવિધ ગડમથલમાંથી પ્રાર્થનાનો પ્રયોગ કરતા રહેવું.

## પ્રકરણ : ૧૧૨ આવેશના પ્રસંગો

**પૂ.શ્રીમા:—**અમે કેનેડામાં હતાં. એક સાંજે ઘરમાં સહુ જમતા હતા. માને પૂ.શ્રી બે જ બેઠક રૂમમાં હતાં. ત્યાં એક ભાઈ આવ્યા. પૂ.શ્રીને પ્રણામ કરીને છેક પાસે જ બેસી ગયા ને ધ્રૂજવા માંડ્યા. કંઈક બોલવા માંડ્યા. પૂ.શ્રીએ કહ્યું શાંત થાવ આ તમારી માનસિક નબળાઇ છે. તે ભાઇએ કહ્યું, હું ધ્યાનમાં બેસું છું, ત્યારે મને એવું જ થયા કરે, શરીરમાં કંપ થાય ને પછી આ જ દશામાં સમય પસાર થઇ જાય. પૂ.શ્રી કહે, શરીર નબળું હોય તો આવું થાય. ચ્યવન પ્રાશ લો. વડોદરાની પહેલી શિબિર ૧૯૭૨–૧૯૭૩ની વાત. અહીં બેઠેલામાં કોઈજ હાજર ન હોય. ધ્યાનની પહેલી બેઠક ૫ ઓમકાર બોલ્યા ને જેવું સમૂહધ્યાન શરૂ થયું કે એકભાઇ રડવા માંડ્યા. પૂ.શ્રીએ તરત જ આંખ ખોલી કહ્યું ઢોંગ બંધ કરો. ધ્યાન તો શાંત થવાની પ્રવૃત્તિ છે અશાંત થવાની નથી. મન મજબૂત કરો, મનને સમજાવો. તે ભાઇ શાંત થઇ ગયા. એટલે આવા પ્રસંગો તમે બધાં પણ જોતાં હશો. કંકુના કે ધૂણવાના પ્રસંગો સમાજમાં ઘણી

જગ્યાએ જોવા મળે છે સત્ય શું ને કેટલું? તે તો આવા ખુલાસાથી જ ખબર પડે.

પારાયણ સરસ રીતે ચાલી રહ્યું છે. જાણે તમે બધાં દરેક બેઠકમાં દેહાતીત દશામાં ભૂખ તરસ ભૂલી જાવ છો. એ પણ એકાગ્રતાની સારી નિશાની છે. પારાયણના સાત્ત્વિક રસમાં ડૂબવાનું સત્કર્મ કરી રહ્યાં છો.

**પ્રકરણ : ૧૨૩ પ્રાર્થનાની પૂર્ણાહુતિ**

**પ્રકરણ : ૧૨૪ મસૂરી અને ઋષિકેશ**

**પ્રકરણ : ૧૨૫ નવરાત્રિમાં ૧૨ દિવસના ઉપવાસ**

**પૂ.શ્રીમાઃ—**પૂ.શ્રીએ મન અંતર ખાલી કરી દીધું છે. ઉપવાસના એ કઠોર વ્રત સાથે કેવી પ્રાર્થના થઈ ગઈ છે. તુકારામને વાંચો તો ખબર પડે! તુકારામ મહારાજને ભગવાન જોડે કેટલી બધી આત્મીયતા હતી! પૂ.શ્રીની કલમમાં પણ એવી જ. આત્મીયતાનું દર્શન થાય છે. એવું લાગતું હતું કે વાત વધી જશે ને એટલે આપણે ખસી જઈને ધૂન કરી લીધી. નિકટનો નાતો હોય, ખૂબ વ્હાલ જે પાત્ર પર હોય, તેને વઢવાનો પણ હક્ક છે, એવો હક્ક પૂ.શ્રી કલમ દ્વારા માણી રહ્યા છે. મન અંતરની કેવી દશા! કેવી પ્રતીજ્ઞા! કેવી લગની, કેવો ભોગ આપવાની તત્પરતા શરીર ભલે પડી જાય પણ સાધનામાં ના ઝૂકૂ એવો મરણીયો નિર્ધાર, તો જ પામ્યા.

**પ્રકરણ : ૧૨૬ ઉપવાસના અનુસંધાનમાં**

**પૂ.શ્રીમાઃ—**હે રાજીવ કોર્ટમાં વાતો છે તારા પ્રભુની! હે છોકરાઓ તમે કોના પક્ષમાં છો? અમે પૂ.શ્રીને વારંવાર પૂછતાં.



પૂ.શ્રી અમારી ડાયરીમાં તેના જવાબ પણ લખતા. અમે કહેતાં મહાત્માજી ચાલો પાછા દૂધ ઉપર ઉપવાસ કરીને શાંતાશ્રમમાં રહીએ. પૂ.શ્રી કહેતા એ તો જીવાઈ ગયું. હવે લાખ રૂપિયા આપે તો પણ ના જીવાય. જરૂર હશે ત્યારે જગદંબા તમને કહેશે ઉપવાસ કરો. હમણાં જરૂર નથી. અમારી ડાયરીમાં પૂ.શ્રીના જ હસ્તાક્ષરોમાં એ પ્રશ્નના જવાબ છે. આ પંથે અદ્‌ભુત પ્રસાદ મળતા રહે છે. ના સમજાય, ના ઝીલાય, ના ધારેલા પ્રસાદો મળતા રહે છે. એમણે જાણે નક્કી કર્યું છે પ્રકાશપંથ ભાગ–૨ જીવાડીને (મા પાસે) સમાજને બતાવ્યું, ઝાલીને બતાવ્યું, ને જીવાડીને બતાવી રહ્યા છે. પોતે જીવીને બતાવ્યું ને મા પાસે જીવાડીને બતાવી રહ્યાં છે.

(ક્રમશઃ)

✻ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✻
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી–૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# પૂ.માની સ્વિત્ઝર્લેન્ડ યાત્રા

**—મા સર્વેશ્વરી**

સ્વિત્ઝર્લેન્ડનું પ્રાકૃતિક સૌંદર્ય ક્ષણેક્ષણે માને જગાડી રહ્યું છે. આ જગત એક મોટા ઉઘાડા પુસ્તક જેવું છે, તે વાત તદ્દન સાચી જ છે. પ્રત્યેક પદાર્થ જાણે માને સતત વિવિધ રીતે વિદ્યાનું ભાથું બંધાવી રહ્યો છે.

અમે ગિરિરાજના મસ્તકે અને આખાયે શ્રીતનુ ઉપર જે વિવિધરંગી ફૂલો ખીલ્યાં છે. તેને કોણ પાણી પાવા, રોપવા કે ખાતર નાંખવા કે દવા છાંટવા કે માળી બનીને માવજત કરવા આવ્યું છે?

વગર માવજતે જ ઉગ્યાં છે, ખીલ્યાં છે, સૌંદર્યથી છલકાઈને મલકાયાં છે, પૂ.શ્રી કહે છે તેમ, ‘‘જ્યાં ઉગ્યાં ત્યાં ચઢી ચૂક્યાં છે.’’ જ્યાં જન્મ ત્યાંજ જીવન ને ત્યાંજ જીવનનું જનમનગણ ગવાયું.

જેમણે જન્મ આપ્યો તેના જ શ્રીઅંકે જીવન સમર્પીને ધન્ય કર્યું, પૂર્ણ કર્યું.

હિમાચ્છાદિત પર્વતોએ પોતાના વિશ્વને એવું અદ્ભુત રીતે એક જ રંગ સફેદથી સંપૂર્ણ સજાવ્યું છે. એ જોતાં જ લાગે કે પ્રભુ હમણાંજ ઉપરના લોકથી પધારશે. પોતાની પુનિત પગદંડીથી આ શણગારને ધન્ય કરશે.

એકપણ ડાઘ કે કોઈ કચરા વગરની એ સ્વર્ગીય પગદંડી ઉપર પ્રભુ પણ જાણે હળવે રહીને હાસ્ય વેરતા, હમણાં જ પધારશે એવી પ્રતીક્ષા મનઅંતરે રહ્યાં કરે છે.

આ ધરતીના અલૌકિક, પ્રાકૃતિક, સૌંદર્યને વારંવાર



નમસ્કાર કરવાનું મન થાય છે.

સૌંદર્યના સર્જક શ્રી હરિનું સતત સ્મરણ રહ્યાં કરે છે. માટે આજે તો ટ્રેઈનમાં જ વરદહસ્ત ત્રણવાર શ્રીહરિના આશીર્વાદ માટે, શ્રી હરિ દ્વારા રક્ષાયેલી રહેવા માટે અને દિવસના અંતે આભાર માટે ત્રણ—ત્રણ વાર વરદ હસ્ત ગાવાનો નિયમ આપેલ છે. એ નિયમ આપણા ૮ સ્વજનો સરસ રીતે પાળી રહ્યાં છે.

પ્રત્યેક વિશેષતા પાછળ પ્રભુની શક્તિ જ કાર્ય કરી રહી છે. પ્રત્યેક સર્જનની પીઠ ઉપર પ્રભુના આશીર્વાદના હસ્તાક્ષર છે.

સ્વીત્ઝર્લેન્ડની આ હિમાચ્છાદિત પર્વતમાળા દશરથાચલનું પણ પવિત્ર સ્મરણ કરાવતી રહી.

હજારો પ્રવાસી આ પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરવા અહીં પધારતા રહે છે.

પ્રાકૃતિક સૌંદર્યના સર્જક શ્રી હરિને વારંવાર વંદન કરીને અચરજ સાથે આભાર માનવાનું મન થાય એવું છે.

અરે! ૧૦,૩૦૦ ફૂટ ઊંચાઇ ઉપર ટ્રેઈન આવીને ઊભી રહી. પ્રવાસીઓ વિવિધ દિશામાં સૌંદર્યને ઝીલવા કેમેરાની ચાંપ દખાવતા રહ્યા.

ત્યાં એક નાનકડા સ્થાનમાંથી સરસ સંગીત સંભળાયું.

એ દિશામાં અમારા સૌના પગલાં વળ્યાં.

તે સ્થળની ઉપર નાનકડો ઘંટ હતો. અંદર સૌ પ્રાર્થના કરી રહ્યા હતા. જોયું ધારીને, તો તે તો ભગવાન ઈસુનું મંદિર હતું. ૧૫—૨૦ ઊભા રહી શકે એવું એ નાનકડું ચર્ચ હતું.

પ્રાર્થના કરનાર મંડળી વિદાય થઈ પછી આપણું ૧૦ નું મંડળ પ્રવેશ કરે છે. મા ઈશારાથી કહે છે, ગાવ વરદ હસ્ત, સૌ

શાંતિથી, પ્રેમથી, શ્રદ્ધાથી, ગાઈ રહ્યા છે. મા સહિત સૌ હાથ જોડી આ ઈસુરૂપી પરમાત્માની સમક્ષ ઊભા છે. નવમંત્રની પૂર્ણાહૂતિ કરી. એક આનંદ સાથે, હાશ સાથે, એ સ્થળ સૌ છોડે છે.

ચર્ચમાં કદી આવી પ્રાર્થનાની તક એકલા આપણા જ મંડળને પહેલીવાર જ શ્રી હરિએ ધરી. પ્રથમવાર વરદ હસ્ત યુરોપની ધરતી ઉપર આ ચર્ચમાં ગવાયું, એ રીતે એ પ્રાર્થના નોંધપાત્ર બની.

કહો કે ચર્ચને વરદહસ્તથી વિભૂષિત કર્યું. શ્રી હરિના અદ્ભુત સૌંદર્યને વરદ હસ્તની પ્રાર્થનાથી વધાવ્યું. એવું પણ નોંધી શકાય.

શ્વેત વસ્ત્રનો શ્રી હરિનો આ પ્રાકૃતિક શણગાર સાચે જ આકર્ષક, શાંતિપ્રદાયક જાતને ભૂલીને પરમાત્મામાં લીન કરી દે તેવો છે.

આ સ્થાળનું નામ છે ગોરનર ગ્રાટ.

આટલી બધી ઉંચાઈ ઉપર રેલ્વે વરસો પહેલાંની આ ઈજનેરી સફળતા સાચે જ અચરજકારક ઘટના છે.

પર્વતની રેલ્વેની વાત તો અદ્ભુત જ છે. પણ દેશમાં જે રેલ્વે ચાલી રહી છે તે પણ એક વિશેષતા જ છે. અતિ નિયમિત ટ્રેઈનની ગતિ પૂર્ણરૂપે વિશ્રામ ધરનારી, આંશકા વગરની સર્વ સુવિધાવાળી, અવાજ વિનાની, શાંતિથી ચાલનારી, આ બધી જ વિશેષતા સ્વિત્ઝર્લેન્ડ દેશમાં ફરતી રેલ્વેની પણ છે.

અરે! ટ્રેઈનના ઘણા ડબ્બામાં સાયકલ મૂકવાની પણ સુવિધા છે. ઘણા ઘણા લોકો રેલ્વેમાંથી ઉતરીને સાયકલ ઉપર જ જનારા હોય છે.

અહીં એવું કહેવાય છે કે, બાળક ચાલતાં શીખે તે પહેલાં



સાયકલ શીખે, એટલે કે સાયકલનો વપરાશ પણ અહીં ઘણો છે.

સ્વિત્ઝર્લેન્ડનું પ્રાકૃતિક સૌંદર્ય આંખના આરોગ્યને વધારનારું છે. જ્યાં ને ત્યાં હરિયાળું, આંખને હાશ ધરનારું ટોનીક. શ્રી હરિએ અહી પ્રસાદમાં વહેંચ્યું છે.

પોતાના બાળકની કાળાશ હઠાવવા દરેક માતા જીવનભર મથે માટે ઘસીઘસીને નવડાવે, દોષને ધોવા સતત પ્રયત્નશીલ રહે. બાળકની કુટેવ હોય તો તેને ભૂલાવવા, છોડી દેવા મનાવતી રહે. સતત મારો બાળક સારો છે. ઉજળો છે, ડાહ્યો છે, સમજુ છે એવાં એવાં અનેક વિશેષણો લગાડી લગાડીને બાળકનું જે જે અયોગ્ય છે તેને તેને સતત ઢાંકતી રહે છે.

એજ રીતે શ્રી હરિ પણ અહીં પ્રેમાળ, હિતકર્તા મા બન્યા છે. પર્વતોની કાળાશને ઢાંકીને હરિયાળા કરતાં શ્રી હરિ અહીં દર્શનીય છે. પ્રકૃતિના સર્વતત્ત્વમાં તે પથરાઈ ગયા છે.

પ્રાકૃતિક સૌંદર્ય તો શ્રી હરિએ આ ધરતીને પોતાની માનીને તેનો સર્વપ્રકારે વિસ્તાર કર્યો છે, ને સર્વશ્રેષ્ઠ, વિશ્વને આકર્ષે એ રીતે સજાવી છે, શણગારી છે.

શ્રી હરિ પણ પોતાના જ આ પ્રાકૃતિક વૈભવથી પ્રસન્ન હશે.

ભારતની કાયાપલટ કરવા સરકારી હોદ્દા ઉપર બેઠેલા પ્રધાનમંત્રીઓએ રેલ્વે જોવા જ સ્વિત્ઝર્લેન્ડ જવા જેવું છે.

યુરોપની યાત્રાનો આ ચોથો દિવસ અહીં અનેકવિધ વિશેષતાની નોંધ સાથે પૂર્ણ થયો છે.

હે મારા પ્રભુ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ. (ક્રમશઃ)

# અરુણાચલની તળેટીમાં

**પોલ બ્રન્ટન, અનુ. યોગેશ્વરજી**

પશ્ચિમની દુનિયાને ભારતની આધ્યાત્મિક ગરિમાનો સાચો પરિચય કરાવવાનો કેટલેક અંશે યશ પ્રસિદ્ધ લેખક પોલ બ્રન્ટનને ફાળે જાય છે. તેઓની પોતાની સાચી આધ્યાત્મિક જીજ્ઞાસા અને કેટલેક અંશે પાત્રતાને લીધે તેઓ ભારતના ઉચ્ચ કોટિના મહાન આધ્યાત્મિક પુરુષ રમણ મહર્ષિ જેવાને સમજી શક્યા. એટલું જ નહિ પોતાની ઉચ્ચ લેખન શક્તિના લીધે તેઓએ મહર્ષિ સાથેના પ્રસંગો ને વાર્તાલાપોને કલમબદ્ધ કરી Search in secret India જેવા અંગ્રેજી પુસ્તકમાં સરસ રીતે વર્ણવ્યા. તેના પરિણામે મહર્ષિ ને બીજા ઉચ્ચ કોટિના ભારતીય આધ્યાત્મિક સંતોને પશ્ચિમની પ્રજા જાણતી થઇ. ઉચ્ચ કોટિના અંગ્રેજી સાહિત્યના નમૂના જેવા આ ગ્રંથને યોગ્યરીતે સમજી ગુજરાતી ભાષામાં ઉતારવાનું સુંદર કાર્ય મહાત્મા શ્રી યોગેશ્વરજીએ કરી ગુજરાતી ભાષાનું ગૌરવ વધાર્યું છે. એઓએ એ પુસ્તકના અંગ્રેજી શીર્ષકનો જે ગુજરાતી અનુવાદ કર્યો છે– ‘ભારતના આધ્યાત્મિક રહસ્યોની ખોજમાં’ તે જ તેઓની આધ્યાત્મિક અનુભૂતિપૂર્વકની સમજને આભારી છે, એમ નથી જણાતું? આ સુંદર પુસ્તકનો ને પૂ. રમણ મહર્ષિનો કંઇક અંશે પરિચય થાય તે હેતુથી અધ્યાત્મમાં તેના અંશો રજુ કરવામાં આવે છે.

–તંત્રી)

દક્ષિણ ભારતની રેલવેના છેલ્લા સ્ટેશન મદ્રાસથી હું અને સુબ્રહ્મણ્ય સિલોન બોટ ટ્રેનના ડબ્બામાં બેઠા. થોડા કલાકો સુધી



ચિત્રવિચિત્ર દશ્યો વચ્ચે અમે આગળ વધ્યા. ડાંગરનાં લીલાંછમ ખેતરો, ફીકી રાતી ટેકરીઓ અને ભભકાદાર નાળિયેરનાં વૃક્ષોની ઘટાદાર વાડીઓની વચ્ચે છૂટાછવાયા ખેડૂતો કામ કરી રહ્યા હતા.

મેં બારી પાસે બેઠક લીધી હતી, પરંતુ રાત્રીનો અંધકાર ધરતી પર બધે ફરી વળવા માંડ્યો એટલે મારા મગજને બીજા વિચારોમાં લગાડી દીધું. બ્રહ્મે આપેલી સોનાની વીંટી પહેર્યા પછી મારા જીવનમાં બનવા માંડેલી અદ્‌ભુત ઘટનાઓ મને યાદ આવી. મારી યોજનાઓ બદલાઇ ગઇ : અને અણધાર્યા પ્રસંગોની પરંપરા મારા જીવનમાં પેદા થઇને મારી ધારણા પ્રમાણે મને પૂર્વ દિશામાં લઇ જવાને બદલે દૂર ને દૂર દક્ષિણમાં લેતી ગઇ. મને પ્રશ્ન થયો : આ સોનાની વીંટીમાં જે પથ્થર છે તેની અંદર યોગીએ દાવો કર્યા મુજબની અલૌકિક શક્તિ છે? મેં મારા મગજને ખુલ્લું રાખવાનો પ્રયાસ કરી જોયો, છતાં એવું તો લાગ્યું જ કે વૈજ્ઞાનિક ઢબે કેળવાયેલા કોઇ પણ પશ્ચિમવાસી એ વિચારને માન્ય નહિ રાખે. એ વિશેની બધી શંકા મેં મારા મનમાંથી કાઢી નાખી, પરંતુ મારા વિચારો પાછળની અચોક્કસતાનો અંત આણવામાં મને સફળતા ના મળી.

ભારતમાંના ફ્રેન્ચ સંસ્થાનના નાના સરખા અવશેષ જેવા પોંડીચેરીથી ચાળીસ માઇલ દૂર ટ્રેનમાંથી નીચે ઊતરીને અમે રેલવેનો મુખ્ય માર્ગ છોડી દીધો. અંદરના ભાગમાં આશરે બે કલાક સુધી વેરાન વિશ્રામગૃહના ઝાંખા પ્રકાશમાં પ્રતીક્ષા કરી. બહારના નિર્જન પ્લેટફોર્મ પર તારાના તેજમાં અસ્પષ્ટ દેખાતા પ્રેતને મળતા આવતા ઊંચા શરીરવાળા પેલા સાધુપુરુષ આંટા

મારવા માંડ્યા. આખરે કવખતે આવેલા, પાટા પર એકધારો અવાજ કરતી આગળ વધતી ટ્રેનમાં અમે આગળ વધ્યા. ટ્રેનમાં મુસાફરો બહુ ઓછા હતા.

મને સ્વપ્નાવાળી થોડાક વખતની સરસ ઊંઘ આવી ગઇ. છેવટે મારા સાથીદારે મને જાગ્રત કર્યો. અમે રસ્તામાં આવતા એક નાના સ્ટેશને ઊતરી પડ્યા અને ઘોંઘાટ કરતી ગાડી શાંત અંધકારમાં આગળ વધી. રાત્રી હજી પૂરી નહોતી થઈ, એટલે કોઈ પણ જાતના આરામ વિનાના, ખુલ્લા, નાના વિશ્રામગૃહમાં અમારે બેસવું પડ્યું. એનો નાનો દીવો પણ અમે જ સળગાવ્યો.

રાત્રીની સાથે દિવસ સર્વોપરીપણા માટે લડતો હતો તે દરમિયાન અમે ધીરજપૂર્વક રાહ જોતા બેસી રહ્યા. છેવટે પરોઢનો વખત થયો. અમારા ઓરડાની પાછળની નાની ખુલ્લી બારીમાંથી એનું આછું અજવાળું અંદર આવ્યું ત્યારે આજુબાજુનો જે ભાગ જોઈ શક્યો તે જોવાને મેં અંદર પ્રયાસ કરી જોયો. સવારના ધુમ્મસને પેલે પાર, દેખીતી રીતે જ થોડાક માઈલ દૂર એકાંત પર્વતમાળાની આછીપાતળી આકૃતિ દેખાઈ. એની તળેટી ઘણી આકર્ષક લીગી, કાયા પણ સારી પેઠે વિસ્તરેલી દેખાઈ, પરંતુ વહેલી સવારના ધુમ્મસથી ખૂબખૂબ ઢંકાયેલું હોવાથી એનું મસ્તક કે શિખર ના જોઈ શકાયું.

મારા માર્ગદર્શકે બહાર જવાનું સાહસ કરીને બળદગાડીમાં ઘસઘસાટ ઊંઘતા કોઈ માણસને શોધી કાઢ્યો. એકબે બૂમો પાડવાથી એ જાગી ગયો અને પોતાને કરવાના કામની ખબર એને પડી ગઈ. અમારા ગંતવ્યસ્થાનની માહિતી મળતાં એ અમને બળદગાડીમાં બેસાડવા તૈયાર થયો. બે પૈડાંને આધારે



તૈયાર કરેલા વાંસના ચંદરવાવાળા એના એ સાંકડા સાધન તરફ મેં શંકાશીલ નજરે જોવા માંડ્યું. આખરે અમે મુશ્કેલીનો અનુભવ કરતા ઉપર ચડી ગયા અને ગાડીવાળાએ અમારી પાછળ સામાન ગોઠવ્યો. પેલા સાધુપુરુષ એક વ્યક્તિને જેટલી ઓછામાં ઓછી જગ્યા જોઈએ એટલી ઓછી જગ્યામાં બેસી ગયા. ચંદરવો નીચો હોવાથી નીચો નમીને હું પગને લટકતો રાખીને બેસી ગયો. ગાડીવાળો બન્ને બળદની વચ્ચેના લાકડાના દાંત પર, હડપચીને ઘૂંટણે લગાડીને બેસે તેમ બેઠો, અને જગ્યાનો પ્રશ્ન એવી રીતે ઓછાવત્તા પ્રમાણમાં સંતોષકારક રીતે ઊકલી ગયા પછી અમે એને આગળ વધવા જણાવ્યું.

બન્ને મજબૂત બાંધાના, નાના, સફેદ બળદોના રસપ્રદ પ્રયાસો છતાં અમારો વેગ ઘણો ધીમો હતો. ભારતના અંદરના ભાગોમાં એ સુંદર પ્રાણીઓ ઘણાં ઉપયોગી નીવડે છે, કારણ કે ઘોડા કરતાં ગરમી સહન કરવામાં એ વધારે શક્તિશાળી છે અને એમનો ખોરાક પણ ઘોડાના ખોરાકની સરખામણીમાં વધુ ખર્ચાળ નથી હોતો. શાંત ગામડાં તથા નાનાં શહેરોના રિવાજો સૈકાઓ વીતવા છતાં વધારે નથી બદલાયા. ઈસવીસન પૂર્વે ૧૦૦ વરસ દરમિયાન મુસાફરને એક સ્થળમાંથી બીજા સ્થળમાં લઈ જતાં બળદગાડાં બે હજાર વરસ પછી આજેય એને લઈ જવાનું કામ કરી રહ્યાં છે.

ટીપેલા કાંસાના રંગના મોઢાવાળા અમારા ગાડાવાળાને બળદો માટે ઘણું ગૌરવ હતું. એમનાં લાંબાં સુંદર અણિયાળાં શિંગડાં સુંદર ઘરેણાંથી શણગારવામાં આવ્યાં હતાં. અને એમના પાતળા પગે પિત્તળની રણકાર કરતી ઘંટડીઓ બાંધેલી. એમના

નાકમાં નાખેલી નાથની મદદથી એમને હાંકવામાં આવતા હતા. એમના પગ ધૂળિયા રસ્તા પર પ્રસન્નતાથી પડતા હતા અને નજીક આવતી જતી સવારનું હું નિરીક્ષણ કરતો હતો.

અમારી ડાબી અને જમણી બન્ને બાજુએ સુંદર અથવા આકર્ષક પ્રદેશ જોવા મળતો. એ પ્રદેશ કેવળ ઉજ્જડ મેદાની પ્રદેશ નહોતો, કારણકે ક્ષિતિજ પર જ્યાં જ્યાં નજર પડતી ત્યાં અવારનવાર ટેકરીઓ અને ઊંચા ભાગનું પણ દર્શન થતું. થોરના છોડની વાડની વચ્ચેની આજુબાજુ નીલમના જેવા દેખાતાં થોડાં ડાંગરનાં ખેતરો જોવા મળતાં.

પરિશ્રમથી ભરેલા ચહેરાવાળો ખેડૂત અમારી પાસેથી પસાર થયો. એ ખેતરમાં કામ કરવા જતો હતો. થોડીવારમાં માથે પિત્તળનો ઘડો મૂકીને આવતી કોઈક છોકરી સામે મળી. એના શરીર પર લાલ રંગના વસ્ત્ર સિવાય બીજું કાંઇ નહોતું. એના ખભા ઉઘાડા હતા. એને નાકે લાલ રંગની નથની અને હાથે સવારના ઝાંખા સૂર્યપ્રકાશમાં ચળકતી પોંચી હતી. બ્રાહ્મણ અને મુસલમાન સિવાયના આ બાજુના મોટા ભાગના નિવાસીઓની જેમ તે પણ દ્રવિડ છે એવું એની ચામડીની કાળાશ પરથી કહી શકાતું. એ દ્રવિડ છોકરીઓનો સ્વભાવ મોટેભાગે આનંદી અને સુખી હોય છે. એમના પ્રદેશની સ્ત્રીઓ કરતાં તે વધારે વાચાળ અને વિશેષ મધુર સ્વરવાળી હોય છે.

છોકરી અમારી તરફ આશ્ચર્યચકિત થઈને નિષ્કપટભાવે જોવા માંડી. એના પરથી મેં અનુમાન કર્યું કે અંગ્રેજો આ અંદરના પ્રદેશની મુલાકાત ભાગ્યે જ લેતા હશે.

એવી રીતે નાનું શહેર આવ્યું ત્યાં સુધી અમે સફર કર્યા



કરી. એના મકાનો સમૃદ્ધ દેખાયાં. એ મકાનો એક વિશાળ ઊંચા મંદિરની બંને બાજુની શેરીઓમાં બંધાયેલાં હતાં. મારી ભૂલ ન થતી હોય તો મંદિર બે ફર્લાંગ લાંબું હતું. એના એક વિશાળ પ્રવેશદ્વાર પાસે પહોંચીને એની સ્થાપત્યકળાની ભવ્યતાનો ઊડતો ખ્યાલ કરી જોયો. અમે એકાદ મિનિટ ત્યાં રોકાયા અને તે દરમિયાન એ જગ્યાની ઉપલક ઝાંખી કરવા મેં અંદર ડોકિયું કર્યું. એના કદની જેમ એની અદ્‌ભુતતા પણ નવાઈ પમાડે તેવી હતી. એવું સ્થાપત્ય મેં પહેલાં કદીય જોયું નહોતું. ભુલભુલામણી જેવો લાગતો અંદરનો મોટો ભાગ વિશાળ ચોરસથી વીંટળાયેલો હતો. મને લાગ્યું કે આજુબાજુની ચારે ઊંચી દીવાલો સૂર્યના તીખા તાપમાં સૈકાઓ સુધી તપી રંગાઈ હશે. પ્રત્યેક દીવાલને એકેક પ્રવેશદ્વાર હતું અને એની ઉપર ભવ્ય દેવાલય જેવો દેખાવ કરવામાં આવેલો. એને જોઈને શણગારેલા શિલ્પવાળા પિરામીડની સ્મૃતિ થઈ આવતી. એનો નીચેનો ભાગ પથ્થરનો બનાવેલો, પરંતુ ઉપરનો ભાગ ઈંટો પર ભારેખમ પ્લાસ્ટર કરેલો હોય એમ લાગતું. એ દેવાલય કેટલાય માળમાં વહેંચી નાખવામાં આવેલું અને એની સપાટી પર ભાતભાતની અનેક આકતિઓ દોરવામાં આવેલી તેમજ કોતરણી કરેલી. એ ચાર પ્રવેશદ્વાર ઉપરાંત મંદિરની અંદર બીજાં પાંચ દ્વાર જોઈ શકાતાં. રૂપરેખાની દૃષ્ટિએ જોતાં ઈજિપ્તના પિરામિડોને એ મળતાં આવતાં અને એમની સ્મૃતિ કરાવતાં.

લાંબા છાપરાવાળા મઠના ભાગ પર, પથ્થરના અસંખ્ય થાંભલા પર, વચ્ચેના મોટા ખુલ્લા ભાગ પર, ઝાંખાં મંદિરો તથા અંધારી પરસાળ પર તેમજ બીજાં અનેક નાનાં મકાનો પર

મેં છેલ્લી નજર નાખી જોઈ અને નજીકના ભવિષ્યમાં એ રસિક સ્થળનું નિરીક્ષણ કરવાની મનોમન નોંધ કરી.

બળદોએ દોડવા માંડ્યું અને ફરી વાર ખુલ્લા પ્રદેશમાં આવી પહોંચ્યા. અમારી પાસેથી પસાર થતાં દશ્યો ઘણાં સુંદર હતાં. રસ્તો લાલ ધૂળથી ઢંકાયેલો. એની બંને બાજુએ નાના છોડવા તથા વચ્ચેવચ્ચે ઊંચા ઝાડનાં ઝુંડ હતા. એની ડાળીઓમાં કેટલાય પંખીઓ છુપાઈ રહેલાં. એમની પાંખોનો ફફડાટ સાંભળી શકાતો અને દુનિયામાં બધે ગવાતા એમના સમૂહગીતના છેલ્લા સ્વર પણ સાંભળવા મળતા.

સ્ટેશનથી જેની આછીપાતળી રૂપરેખા જોવા મળેલી તે પર્વતમાળાની તળેટીના પ્રદેશમાં પહોંચ્યા ત્યારે મને લાગ્યું કે અત્યાર સુધી આશરે પાંચછ માઈલની મુસાફરી થઈ ચૂકી છે. સવારના ચોખ્ખા સૂર્યપ્રકાશમાં એ પર્વતમાળા રતૂમડા ભૂખરા રંગના રાક્ષસ જેવી દેખાતી. ધુમ્મસ હવે હઠી ગયું હોવાથી ઉપરનું વિશાળ વ્યોમ સ્પષ્ટ દેખાયું. એની સાથે જ પર્વતમાળા પણ જોઈ શકાઈ. રતૂમડી જમીન અને ભૂખરા પથ્થરવાળી એ એકાંત પર્વતમાળા મોટે ભાગે ઉજ્જડ હતી. એનો મોટા ભાગનો પ્રદેશ ઝાડ વગરનો અને અવ્યવસ્થિત રીતે આમતેમ પડેલો પથ્થરના જથ્થાઓમાં વહેંચાયેલો હતો.

‘અરુણાચલ! પવિત્ર લાલ પર્વત!’ મારી દૃષ્ટિની દિશાને લક્ષમાં લઈને મારા સાથીદારે ઉદ્ગાર કાઢ્યા. એમના વદન પર સન્માનની ઉજ્જ્વળ રેખા ફરી વળી. કોઈક મધ્યકાલીન સંતની પેઠે કામચલાઉ વખતને માટે એ જાણે કે ભાવસમાધિમાં ડૂબી ગયા.



‘એ નામનો કોઈ અર્થ છે ખરો?’ મેં એમને પ્રશ્ન કર્યો.

‘એનો અર્થ મેં તમને હમણાં જ કહી બતાવ્યો.’ એમણે સસ્મિત ઉત્તર આપ્યો : ‘અરુણાચલમાં અરુણ અને અચલ નામના બે શબ્દો છે. એમનો અર્થ લાલ પર્વત થાય છે. અને મંદિરના મુખ્ય દેવતાનું નામ પણ એ જ હોવાથી, એનો પૂરો અર્થ પવિત્ર લાલ પર્વત એવો કરવાનો છે.’

‘તો પછી પવિત્ર દેવતાની વાત ક્યાંથી આવી?’

‘મંદિરના પૂજારીઓ વરસમાં એક વાર મોટો ઉત્સવ કરે છે. મંદિરમાં એ ઉત્સવ કરવામાં આવે છે ત્યારે એ વખતે પર્વતની ટોચ પર અગ્નિ જગાવવામાં આવે છે. એની જ્વાળામાં કપૂર તથા માખણનો મોટો જથ્થો નાખવામાં આવે છે. એ દિવસો સુધી બળ્યા કરે છે અને ફરતા કેટલાય માઈલોથી જોઈ શકાય છે. એને જોનાર તરત જ એને પ્રણામ કરે છે. એના પરથી પ્રતીતિ થાય છે કે આ પર્વતની જગ્યા પવિત્ર છે અને એમાં કોઈ મહાન દેવતા વાસ કરે છે.

ટેકરી હવે અમારા મસ્તક પર આવી પહોંચી. લાલ, ભૂખરા ને રાખોડી રંગવાળું એ એકાંત પર્વતશિખર પોતાના મસ્તકને આકાશમાં હજારો ફીટ ઉપર ઉઠાવીને કંઈક અસભ્ય રીતે વૈભવી બનીને ઊભું હતું. સાધુપુરુષના શબ્દોની મારા પર અસર થવાથી કે કોઈ બીજા કારણથી, એ પવિત્ર પર્વતના ચિત્રનું ધ્યાન કરવાની અને અરુણાચલથી સીધી ચડાઈ તરફ આશ્ચર્યભર્યા દૃષ્ટિપાત કરવાથી મારી અંદર સન્માનની એક ભયમિશ્રિત લાગણી પેદા થઈ.

‘તમને ખબર છે?’ મારા એ સાથીદારે કાનમાં ધીમેથી કહેવા

માંડ્યું : 'આ પર્વતને ફક્ત પવિત્ર પ્રદેશ જ માનવામાં નથી આવતો, પરંતુ અહીંની સ્થાનિક પરંપરા પરથી તો એવું જણાય છે કે દેવોએ એને જગતના આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પ્રસ્થાપિત કર્યો છે.'

એ નાનકડી દંતકથા સાંભળીને મારાથી હસ્યા વિના ના રહી શકાયું. એ કેટલી બધી સરળ અથવા નિખાલસ હતી!

આખરે મને જણાયું કે અમે મહર્ષિના આશ્રમની પાસે આવી પહોંચ્યા છીએ. રસ્તાની એક બાજુએ વળીને એક સામાન્ય માર્ગ પરથી પસાર થઈને અમે નાળિયેરી અને આંબાનાં વૃક્ષનાં ઝુંડની પાસે પહોંચી ગયા. એને ઓળંગીને આગળ વધતાં એ માર્ગ એક ખુલ્લા દરવાજા પાસે આવીને પૂરો થયો. ગાડીવાળાએ નીચે ઊતરીને દરવાજાને પાછો ધકેલ્યો અને પછી અમને મોટા કાચા ચોકમાં હાંકી ગયો. અક્કડ થઈ ગયેલાં અંગોને છૂટાં કરીને, નીચે જમીન પર ઊતરીને મેં આજુબાજુ જોવા માંડ્યું.

**(ક્રમશઃ)**

★ સત્યનો માર્ગ લાંબો છે અને અનેક જોખમોથી ભરેલા છે પરંતુ તેનો છેડો વિજયના ચોક પાસે પહોંચે છે.

★ રજ માત્ર મલિનતા પ્રભુ સાંખી શકતો નથી, એટલે એ રોજ પુષ્પોને ઝાકળથી ધુએ છે.



# સુખ અને સમયનું ધન

**સંતવાણી**

જો આપણે સુખી થવું હોય તો જેવા છો તેવાનો સ્વીકાર કરો. જીવનમાંથી દેખાવ, બનાવટ, આડંબર, ઢોંગ, કપટનો ત્યાગ થાય તો આપણે સુખી છીએ.

અગર જીંદગીમેં ચૈન ન મીલા, તો મર જાયેંગે,
મરકર ભી ચૈન ન મીલા, તો કહાં જાયેંગે?

હકીકતમાં જોવા જઈએ તો ભગવાન કરતાં પણ આપણે વધુ સુખી છીએ.

શંકર ભગવાને ગળામાં નાગ લપેટ્યો છે.

આપણે ક્યાં નાગ લપેટવો પડે છે?

આપણે તો સરસ મજાની સોનાની ચેઈન પહેરીયે છીએ.

શંકર ભગવાને ઝેર પીધું.

આપણે ક્યાં ઝેર પીવું પડે છે?

શંકર ભગવાન વ્યાઘ્રચર્મ પહેરે છે અને શરીરે ભસ્મ લગાડે છે.

આપણે તો સરસ મજાના રંગબેરંગી વસ્ત્રો ધારણ કરીએ છીએ અને શરીર પર અત્તરનો છંટકાવ કરીએ છીએ.

ભગવાન શ્રી રામની પત્નીને રાવણ ઉપાડી ગયો અને રામે વન વન ભટકવું પડ્યું.

આપણી સીતાને કોણ ઉપાડી જાય છે? આપણે ક્યાં વનવાસ ભોગવવો પડે છે? મા—બાપ—ભાઈ વારસો ન આપે તો સીધા

કોર્ટમાં, આપણે કંઇ વનમાં ભટકવા જવાની જરૂર જ નહીં.

ઈશુ ભગવાનને હાથ પગમાં ખીલા ઠોકી દીધા.

આપણને ખીલા ઠોકાવાની વેદના ક્યાં છે?

ભગવાન શ્રી કૃષ્ણને તો જન્મતાની સાથે જ સ્થળાંતર એ પછી વૃંદાવન, મથુરા, દ્વારીકા અને યુદ્ધ, અનેક પત્નીને સંભાળવાની.

આપણો જન્મ ક્યાં જેલમાં થયો? અને ક્યાં ભાગંભાગ અને યુદ્ધ પણ ક્યાં છે? પત્ની પણ એક જ પછી શું દુઃખ છે?

જલારામ બાપાએ પત્નીનું દાન કરી દીધું.

આપણે ક્યાં પત્નીનું દાન કરવું પડે છે અને દાન કરી પણ દઈએ તો આપણને છોડી જાય એવી ક્યાં છે, એ તો આપણી જ સેવા કરે.

ભગવાનને મુસાફરી માટે ઉંદર, મોર, નંદી.

અને આપણે ટ્રેન, કાર, વિમાન કષ્ટ ક્યાં છે?

બુદ્ધ અને મહાવીરે સર્વસ્વનો ત્યાગ કર્યો.

આપણે તો કાંઇ જ ત્યાગ કરતા નથી.

હકીકતમાં ભગવાને કષ્ટ ભોગવ્યું એટલે જ પૂજાય છે. એટલે જ અમર છે.

આપણે કોઇ જ કષ્ટ ભોગવવા તૈયાર નથી, કાંઇ જ છોડવા તૈયાર નથી એટલે જ સુખી નથી, પૂજાતા પણ નથી અને મરણ પાછળ શુભ સ્મરણ પણ મૂકી જતા નથી.

## સમયનું ધન

જીંદગીની અમૂલ્ય પળોને આળસ આરામમાં બરબાદ ન



કરો. ઊંઘવા માટે કબરમાં ઘણો સમય મળશે.

જીંદગી જીવવાની કળા શીખવામાં એટલો વિલંબ ના કરો કે એ કળા શીખી જઈએ ત્યારે જીંદગી જ બાકી ન હોય.

**નિરંતર જીંદગીમાં પ્રણયથી કામ લીધું છે,**
**કદી મનને માર્યુ નથી, હૃદયથી કામ લીધું છે,**
**સમયની રાહ જોઈને કદી બેસી નથી રહેતો,**
**સમય જેવો મળ્યો, એવા સમયથી કામ લીધું છે.**

નિમેષ, પળ, મિનિટ, કલાક, પ્રહર, દિવસ, સપ્તાહ, પક્ષ, માસ, ઋતુ, વર્ષ અને યુગ આ સનાતન કાળથી ચાલી આવતી સમયની ગતિને રોકવી અશક્ય છે.

એ જ રીતે,

જન્મ–વૃદ્ધિ અને મરણની અતૂટ ગતિ પણ કુદરતને આધિન છે.

પોતાનો સમય લગાવીને દુનિયાની દરેક ચીજ પ્રાપ્ત કરી શકાય છે. પરંતુ દુનિયાની બધી જ ચીજો, વિશ્વનું બધુંયે ધન ન્યોછાવર કરીને પણ વીતેલો સમય પ્રાપ્ત કરી શકાતો નથી. ધનને તિજોરીમાં રાખી શકાય છે પરંતુ સમયને નહીં. માટે સાવધાન, સમયનું ધન નષ્ટ ન થઈ જાય.

અન્યને મળવાના સમયની નોંધ ડાયરીમાં કરો ત્યારે દિવસ દરમ્યાન ક્યારેક પોતાને મળવાની, પોતાને ઓળખવાની નોંધ પણ ડાયરીમાં કરી લો.

# પ્રેરક પ્રસંગો

**સંક્ષેપ : પરમાર્થી, લેખક : દમયંતીબેન સેજપાલ**

## ધન્ય સો દેશ શૈલ બન ગાઉં.

પૂજ્યશ્રી રસોડામાં ગયા. ભઠ્ઠીઓ ઓલવાઇ ગઇ હતી. એમાં અગ્નિદેવતાના સ્થાન પર જળદેવતા બિરાજતા હતા. બાલદીઓ ભરીભરીને ભઠ્ઠીમાંથી પાણી ઉલેચવામાં આવ્યું, પછી એ જ ભઠ્ઠી પર શાક બનાવવામાં આવ્યું.

ગમે તેટલી વિકટ અને મુશ્કેલ પરિસ્થિતિ હોવા છતાં ધીરજ, હિંમત અને પુરુષાર્થને ખોયા વિના પૂજ્યશ્રી એમાંથી રસ્તો કાઢે. મુશ્કેલીઓ થાકે પણ એ કદી ન થાકે.

પંગત પડી. એક બાજુ મહાત્માઓ અને બીજી બાજુ દરિદ્રો, રક્તપિત્તિયાંઓ વગેરે ભોજન કરવા બેઠાં. પૂજ્યશ્રીએ પીરસવું શરૂ કર્યું.

એક રક્તપિત્તિયાએ જયરામભાઇ પાસે શાક માગ્યું. એમણે કડછી ભરીને એના પતરાળામાં નાખ્યું. જમનારને એટલા શાકથી સંતોષ ન થયો. એણે હજુ થોડું વધુ પીરસવા કહ્યું. ત્રણ ચાર કડછી શાક પીરસવા છતાં એ ધરાયો નહિ. જયરામભાઇને નવાઇ લાગી. એમને થયું કે ‘આ આટલું નહિ ખાઇ શકે’ બરાબર ત્યારે જ પૂજ્યશ્રી ત્યાં આવ્યા. એમણે જયરામભાઇના હાથમાં જે શાકનું કમંડળ હતું તે લઇને પેલા જમનારની પાતરમાં ઠાલવી દીધું. એ સાથે જ તેના ચહેરા પર પ્રસન્નતા અને તૃપ્તિની સુરખી છવાઇ ગઇ.

પૂજ્યશ્રીએ કહ્યું : ‘લેનેવાલો કો જબ સંતોષ મિલે તબ દિયા



બરાબર, ઔર તૃપ્તિ એક અન્નદાન મેં હી હૈ.’

ભંડારો પતી ગયા પછી પૂજ્યશ્રી એક ઝાડ નીચે બિરાજ્યા. આસપાસ ભક્તો પણ ગોઠવાયા. તેઓશ્રીએ કહ્યું : ‘હંમેશા ઈન લોગોં કો યાદ રખના. ઔર સદૈવ ભગવાનસે પ્રાર્થના કરના કિ હે ભગવાન! હમસે ઐસે કુકર્મ કભી ન હો જિનકે ફલસ્વરૂપ કિસી દિન હમારી ભી ઐસી દશા હો જાય! મનુષ્ય સુધરે કબ? જબ મનન કરે તબ.’

છેલ્લે દિવસે દરેક મહાત્માને એક એક વસ્ત્ર અને રોકડ દક્ષિણાનું દાન આપવામાં આવ્યું.

★ ★ ★

## પરહિત બસ જિનકે મનમાંહીં

દીનુભાઇનાં પત્ની જયાબહેનને ઇ.સ. ૧૯૫૭માં ગળામાં જમણી બાજુ દુઃખાવો ઊપડ્યો. પંદરેક દિવસ પછી એ જગ્યાએ ચણા જેવડી ગાંઠ ઊપસી આવી. સાથે સાથે તાવ પણ શરૂ થયો. અને ગાંઠ વધીને સોપારી જેવડી થઇ ગઇ. ગળું સાવ બંધ થઇ ગયું. ૨૪ કલાકમાં છથી આઠ ઔંસ પાણી માંડ ગળેથી ઊતરે. જયાબહેનનું વજન ઘટીને ૭૧ રતલ થઇ ગયું. દીનુભાઇએ ઉપચાર કરાવવામાં કંઇ કસર ન રાખી. મુંબઇની ટાટા મેમોરિયલ હોસ્પિટલના ડોક્ટરે કહ્યું : ‘કેન્સર છે. ઓપરેશન જોખમકારક છે.’ ડોક્ટરો સાથેની વાતચીત પછી દીનુભાઇએ પૂજ્યશ્રીને ચિત્રકૂટ તાર કર્યો : ‘જયાના બચવાની આશા નથી. આપના દર્શન કરવાની એની ઇચ્છા છે. આજ્ઞા હોય તો ચિત્રકૂટ લઇ આવું.’

તાર વાંચીને પૂજ્યશ્રી બોલ્યા : ‘જયા કો કેન્સર નહીં હૈ....

યહ સબ ડોક્ટરો કી ગરબડ હૈ.' પછી દીનુભાઈને પત્ર લખાવ્યો : 'જયા કો કેન્સર નહીં હૈ. યદિ કેન્સર હો ભી તો મૈં ઉસકા સેન્સર હૂં. જયા કો લેકર તુમ ચિત્રકૂટ આ જાઓ.'

પત્ર મળતાં તરત એ લોકો રવાના થયાં. બીજે દિવસે રાત્રે ૧૧ વાગ્યે ચિત્રકૂટ પહોંચ્યાં.

પૂજ્યશ્રી મંદિરના ઓટલા પર બિરાજતા હતા. બધાને પોતાની ગુફામાં લઈ ગયા. ઠંડીના દિવસો હતા. ગુફામાં ધીમી ધીમી સગડી બળતી હતી. તેઓશ્રીએ બેટરી મંગાવી. એના પ્રકાશમાં જયાબહેનનું ગળું જોયું. પછી કહ્યું : 'તુમ્હારા કેન્સર ગયા.' થોડી વાર પછી તાવ માપવાનું જણાવ્યું. લગભગ પોણા પાંચ ડિગ્રી તાવ હતો. 'અબ જયા કો સોને દો. સુબહ સૂર્યોદય કે બાદ ઉસકા હાથ પકડકર મંદાકિનીજી કે ઘાટ પર લે જાના ઔર પૂરી ગાંઠ પાની મેં ડૂબ જાય ઉસ પ્રકાર જયા કો પાની મેં બિઠા દેના. મા ગંગા સબ રોગો કા ઔર કઠિન પ્રારબ્ધ કા નાશ કર દેગી.' ગંભીર સ્વરમાં આજ્ઞા થઈ.

'પણ બાપુ, આટલો તાવ ભર્યો છે તોય? દીનુભાઈએ દલીલ કરી.

પૂજ્યશ્રીએ મક્કમ સ્વરે કહ્યું : 'મૈ કહું વૈસા કરો. અબ જિમ્મેદારી મેરે પર હૈ.'

★ ★ ★

### પરહિત બસ જિનકે મનમાંહીં

આજ્ઞા પ્રમાણે દરરોજ સવારે જયાબહેનને મંદાકિનીજીના જળમાં અડધો કલાક બેસાડવામાં આવતાં. તાવ ધીરે ધીરે ઓછો થતો ગયો ને ગાંઠ પણ ગળતી ગઈ.



સ્નાનવિધિ પતી જાય પછી મંદિરમાં દર્શન કરવાની આજ્ઞા હતી. ત્યાર પછી પૂજ્યશ્રી દ્વારા મોકલાવાયેલું બે ગ્લાસ દૂધ આસ્તે આસ્તે જયાબહેનને પિવડાવવામાં આવતું. ૧૫ દિવસ પછી રોગ નહિવત્ રહ્યો. ગાંઠ ગળી ગઈ અને તાવ નોર્મલ થઈ ગયો.

અંતે જયાબહેન માટે પૂજ્યશ્રીએ જાતે ભોજન બનાવ્યું. ખાવામાં જરાય તકલીફ ન પડી. શરીરમાં પણ સ્ફૂર્તિ ઉભરાતી હતી. જયાબહેન ખુશ થઈ ગયાં. પૂજ્યશ્રીએ કહ્યું : 'આઠ દિન ઔર ઠહર જાઓ. સુપારી ખા સકો તબ યહાં સે જાના.'

બરાબર આઠ દિવસ પછી જાતે ભાંગીને સોપારીનો કટકો એમણે જયાબહેનના હાથમાં મૂક્યો. કેન્સર જેવા અસાધ્ય રોગના સેન્સર બનેલા પૂજ્યશ્રીની દયાથી જયાબહેન આજે ચૌદ વર્ષ પછી પણ તંદુરસ્ત છે. નખમાંય રોગ નથી.

★ કરૂણાની ખેતી કરો, પરોપકારનું પાણી પીઓ, પ્રમાણિકતાનું ખાતર નાંખો, કામ અને ક્રોધના કચરાનું નિદામણ કરો, પ્રેમનો વરસાદ થશે, સુખની કુંપળો ફુટશે સંતોષના દાણા આવશે અને જીવનનું ખળું ભરાઈ જશે.

# Faith in God, put to test

Van Vishram 2013 Marberly, ONT. Canada June 15, 2013

**–Hitesh Lad**

Speech by Hitesh Lad, Toronto, Canada

Like Nishaben Mistry who just spoke, I meet MAA when I was in high school in the late 80's when I just started on the path of spirituality. I used to read a lot of books on Hinduism, and so many influences in my life were great saints like Swami Vivekananda, Paramhansa Yogananda, Sai Baba, and Jalaram Bapa. As a youth growing up in the western world, it's very difficult to understand spirituality and to understand God. God is very difficult concept to understand. We don't experience or see God, and yet our scriptures say God exists. So how do you prove that God exists? There is a famous saying. A lot of people say "They will believe it when they see it." But the real saying is "When you believe it, then you will see it." So this is the first step; you have to have faith.

In my life, first experience I had with God's grace was when I was getting my driver's li-



cense test. I was in high school and 18 years old at the time. I finished my lessons but I was really fearful of passing, so my mom told me to pray to Shridi Sai Baba and seek his blessings. When I went to take my driver's license test I had faith in Sai Baba. Why should I be scared? With his blessing, I'll easily pass the test! And I imaginged that I would get a very gentle instructor who would be very friendly, and that it'll be so easy to pass the test with Sai Baba's blessing. When I arrived, I waited for my turn, and the instructor soon announced my name. I went to the instructor. He was the meanest-looking driver I ever saw. He was very strict and not friendly at all. He didn't even say anything. And he just asked me to start driving. He looked very angry–he was just shouting instructions at me. I was really petrified. Then we got to a stop sign, It was a four–way stop sign. I saw that there was another car coming. I thought, "Okay, I can make it." As soon as I went he said, "stop!" He shouted and actually pulled my hand brake. He said, "What do you think you're doing?!" I just froze and said, "Well, I was confident. I looked both ways and this car was so far away. I was

confident I could go.” He didn’t say anything. He just started writing down notes on my test paper and asked me to continue to drive.

Meanwhile I was thinking of Sai Baba and chanting his name the whole time. The instructor didn’t say anything when I parked the car after ending the test. He then just signed the paper, gave it to me, and said, “Go to the front desk.” He didn’t say anything else. I thought I failed. I went to the counter, frightened and thinking I had failed that I would have to reschedule my test. But the lady at the counter just stamped my test paper. She said, “Congratulations, you passed the test!” I couldn’t belived it! For me that was the first experience I had that made me realize that there is something out there, that if you have faith, no matter what your obstacle is, God will protect you.

There was another experience I had of God helping me in my early years when I was in university. I was studying at the University of Waterloo. I was studying civil engineering, which is a very difficult degree. One year, I was living alone. It was exam time and I was studying. There is one subject I was having great difficulty



with and struggling in that course. The intersting thing is that the final exam was worth 100%. There were no marks going in, no midterm exam–just 100% final exam. And I froze because this was one of the toughtest subject I ever took. I did well in all my other subjects, but when I wrote this exam I asked for blessings from MAA and Prabhu–that I knew MAA and prabhu. There were ten question on the exam. And you wouldn’t belive it, **there was not even one question I knew how to answer!** I literally froze on the exam. I just wrote anything that came to my mind, and handed the papers in.

After I left the exam I knew I failed. I knew that 0% So I prayed to MAA. At that time I remember jalaram Bapa(Jalaram Bapa is famous saint from Gujrat). I had read that Jalaram Bapa said that when anyone was in grave trouble or had a problem they could not resolev in their life, to simply take a vow in his name and a mircle would happen. He promised that your prayers would be answered. So I prayed to Jalaram Bapa.I told him the situation. I vowed to Jalaram Bapa that if I passed the exam, i would do a thousand bavnis. A thousand bavnisis

MAA's prayer, prabhu's prayer; I promised that i will do a thousand. That was my prayer. I said i wouldn't do a thousand prayer until as I told Jalaram Bapa-until I found out that I passed. Only then i would do the thousand prayer. That was my condition.

So the summer came and one day I got an envelope from my University. I went to the mandir, bowed down, and opened the latter from my school. The course which I thought I failed - you need 50% to pass - I opened up the letter and I found out I actually got 51%! I would say, in my life, **if I was looking for proof of God, this was it.** To me this was the turning point in my life. God exists. Bhagwan che. He is always with you. It was pro found experience. I then completed my 1000 bavnis to fullfil my promise to Jalaram Bapa.

**MAA says:**

" There is a mine in South Africa. There is gold in the mine. But, to get it you have to go deep inside and dig for it. only then can you get that gold in your hands. Hitesh Bhai has a gold mine. he has such extensive reading/knowledge and since youth, faith and devotion. His talks



are dependent on his own experiences. Not from what he has read or heard, just from that which he himself has experienced. He is worth listening to every saturday and sunday. And every month, submitting one article to the Adyatma. Years ago. I gave his letters to the Adyatma. He talked really well today. He will talk about one prayer incident where Hansaben needed to go to Niagara Falls with MAA.

★ શરીરના ઘા કરતાં મનના ઘા વધારે ઉંડા હોય છે એમને મટાડવાનું મુશ્કેલ એટલા માટે છે કે, એને રૂઝવવા માટે જાતે જ પ્રયત્ન કરવો પડે છે.

★ અસત્યની ગતિ ભલે વધારે હોય, પરંતુ જ્યારે ક્ષમતા અને તાકાતની વાત આવે છે તો સત્ય પાસે તે ઉભું રહી શકતું નથી. બીજા શબ્દોમાં સમજીએ તો અસત્ય લાંબા ગાળાની દૃષ્ટિએ નુકશાન કારક જ હોય છે.

★ સમાજમાં તમારું સ્થાન ગમે તેટલું ઉચું હોય, ઘરે આવો ત્યારે નાના–મોટા સભ્ય સાથે સમાન ધોરણે વર્તશો તો જીવનમાં સુખ અને શાંતિ બંને મળશે તેનાથી પરિવારના સભ્યોને પ્રેમ મળશે અને દુર્ગુણોમાંથી મુક્તિ મળશે.

# અમે દિલગીર છીએ

—તંત્રી

મે ૨૦૧૩ અને જૂન ૨૦૧૩ દરમ્યાન અમને ગ્રાહકો તરફથી અધ્યાત્મના અંકો ન મળ્યાની ઘણી બધી ફરિયાદો મળી છે. સંભવ છે કે ૩૫ વર્ષના ગાળામાં આટલી ફરિયાદો કદી મળી નથી.

આના મૂળમાં ભારતમાં હાલમાં પોસ્ટ ખાતું—ખાસ કરી ટપાલ વિતરણ વિભાગ—સાવ ખાડે ગયેલ અનુભવાય છે. રોજ મની ઓર્ડર લાવનાર ભાઈને પૂછ્યું તો કહે, તમારા વિભાગના પોસ્ટમેન થોડા સમય પહેલાં વયના લીધે નિવૃત્ત થઇ ગયા છે. નવાની નિમણુંક કરતા નથી. અમને વધારાનું કામ સોંપ્યું છે, પણ મૂળ મારા જ ત્રણ કામ, મની ઓર્ડર, સ્પીડ પોસ્ટ, ને રજીસ્ટર લેટરોનું કામ પણ હું પહોંચી વળતો નથી, તો સામાન્ય ટપાલના કામને કેવી રીતે પહોંચી વળું? ટપાલ ખાતાનો જે પ્રશ્ન હોય તે, પણ તેની અસર આખરે તો આમ જનતાને જ થાય છે.

માર્ચ ૨૦૧૩માં ટપાલખાતાના R.M.S વિભાગે અમારી પાસેથી ટપાલ ટિકિટ ઉપરાંત દર અંકના ૫૦ પૈસા વધારાના લીધા. આ ચાર્જને હેન્ડલીંગ ચાર્જ નામ આપવામાં આવ્યું. અમારા વિરોધને લીધે ત્રણેક મહિના પછી તે લેવાનું બંધ થયું. પરંતુ અમારા માટે નવી પરિસ્થિતિ અંકો ન મળવાની ઊભી થઈ. અમે તો કોમ્પ્યુટરમાં નીકળતી સ્લીપો પ્રમાણે ગણત્રી કરીને ટિકિટો ચોંટાડીને અંકો આપીએ છીએ. તેની પહોંચ પણ લઈએ છીએ. છતાં ગ્રાહકોને અંકો ન પહોંચે, તેનું અમને ખરેજ દુ:ખ છે.



એટલે જે ગ્રાહકોને એપ્રિલ, મે ના અંકો નથી મળ્યા, તે અંગે દીલગીર છીએ. પરદેશના રુબીના ગ્રાહકોને મે, ૨૦૧૩ના અંક ન હોતા મળ્યા, પણ જૂનનો, અંક મળ્યો છે, તેની જાણ અમને શ્રીઅંબાલાલભાઇ મિસ્ત્રીએ કરી તે બદલ તેમના આભારી છીએ.

ટપાલ ખાતાની ફરિયાદ નીવારવા અમે પ્રયત્નશીલ છીએ. છતાં ગ્રાહકોને જે તકલીફ પડી તે માટે દિલગીર છીએ. અંક ન મળે તો ફરિયાદ કરવાનો તમારો હક છે, પણ ગ્રાહક નંબર સાથે એક મહિનામાં ફરિયાદ કરવી, જેથી ઘટતું કર શકાય.

★ ખરાબ માણસની ખરાબી લોકો ચલાવી લે છે પણ સારા માણસની ખરાબી તો લોકોમાં તિરસ્કૃત બને છે.

★ મરનાર ને બચાવવો હજી સહેલો છે, કારણ કે એને બચવું છે, પણ બગડેલાને સુધારવો મુશ્કેલ છે, કારણ કે એને સુધરવું નથી.

★ મુરખ માણસ પૈસા બનાવે એ કદાચ આ જગતમાં આશ્ચર્ય ગણાય પણ પૈસા બનાવવા જતાં ડાહ્યો ગણાતો માણસ પણ મુરખ બની જાય છે એતો કરૂણતા જ કહેવાય.

★ ભલેને રહેવાવાળા ઘરનો, ઘેરાવો ગમે તેટલો નાનો હોય તો પણ આપણા મન—આકાશ નો વિસ્તારનો આપણે ઇચ્છીએ તેટલો મોટો અવશ્ય કરી શકીએ.

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) **–શ્રી યોગેશ્વરજી**

લાંબું અંતર કાપ્યા પછી કૃષ્ણ અને બળરામ પ્રવર્ષણ પર્વત પર ચઢી ગયા.

એ પર્વત પર લગભગ નિરંતર વાદળ ટોળે મળતાં ને વર્ષા કરતાં લાગતાં એટલે એનું નામ પ્રવર્ષણ પડેલું.

જરાસંઘે એમને પકડવા માટે પૂરતો પ્રયાસ કરી જોયો : પર્વતમાં બધે જ તપાસ કરાવી, પરંતુ એમની માહિતી ના મળવાથી એમનો નાશ કરવાના ઉદ્દેશથી એણે પર્વતને આગ લગાડી.

પરંતુ એનો ઉદ્દેશ સફળ ના થયો.

પર્વતની આજુબાજુ બધે જ આગ લાગેલી જોઈને કૃષ્ણ અને બળરામ એના દુષ્ટ આશયને સમજી ગયા.

એ પર્વત પરના ગુપ્ત માર્ગ દ્વારા ક્યારે ને કેવી રીતે નાસી છૂટ્યા તેની જરાસંઘને અને એની સેનાને ખબર પણ ના પડી.

એ બંને બંધુઓને બળી ગયેલા માનીને સેનાએ ઉત્સવ કર્યો ને જરાસંઘે એ મહોત્સવમાં મહત્ત્વનો ભાગ લીધો.

એણે ઉત્સવના ઉપસંહારમાં સૈનિકોને કહ્યું :

'કૃષ્ણે મારો વારંવાર પરાભવ કર્યો તો એનો બદલો મેં આજે બરાબર લઈ લીધો. એના ને બળરામના જીવન પર પડદો પડી ગયો. કંસના મૃત્યુથી દુઃખી બની ગયેલા મારા દિલને શાંતિ મળી. કૃષ્ણ ખૂબ જ યુક્તિબાજ હતો પરંતુ આ વખતે ભાન ભૂલીને પોતાની જ યુક્તિજાળમાં ફસાઈ ગયો. કાલયવનની પેઠે એ મારો નાશ કરવા માગતો'તો પરંતુ દગો કોઈનો સગો નથી



થયો. મેં એને એવો સપડાવ્યો કે વાત નહીં. મારો નાશ કરવાનો પ્રયત્ન કરતાં એનો પોતાનો જ નાશ થયો. એ પોતે જ ભસ્મીભૂત બન્યો. કંસ અને કાળયવન બંનેના નાશનો બદલો એને મળી ગયો. એ તો બળી મર્યો પણ સાથેસાથે બળરામને પણ મારતો કે બાળતો ગયો. લોકોને એ કહેતો ફરતો કે એનો જન્મ દુષ્ટોના નાશ માટે છે. પરંતુ એનો દાવો કેવો વ્યર્થ હતો તે હવે સમજાઈ ગયું. અને એટલી સમજ પણ ના પડી કે એના જેવા દુષ્ટશિરોમણિના નાશ માટે હું જન્મ્યો છું!'

જરાસંઘ અતિશય ઉત્સાહમાં આવી ગયો.

પોતાના જીવનને ધન્ય માનતો પોતાની વિશાળ સેના સાથે મગધની દિશામાં ચાલવા લાગ્યો.

એને કલ્પના પણ ન હતી કે પોતે જેમને બળી ગયેલા માનેલા તે કૃષ્ણ ને બળરામ પ્રવર્ષણ પર્વત પરથી સંભાળપૂર્વક નીચે ઊતરીને પોતાની પૂર્વયોજનાનુસાર સમુદ્રતટ પરની દ્વારકાપુરી તરફ વેગથી આગળ વધી રહેલા.

--★--

## ફરી વૃંદાવનમાં

કૃષ્ણ થોડા દિવસ દ્વારકાપુરીમાં નિવાસ કરીને બળરામ સાથે પાછા મથુરા આવ્યા ત્યારે પ્રજાએ એમનું અપૂર્વ ઉત્સાહથી સ્વાગત કર્યું.

સમસ્ત મથુરાપુરીને સારી રીતે શણગારવામાં આવી.

ચારે તરફ વાદ્યો વાગવા માંડ્યાં.

પ્રજાના પ્રત્યેક વર્ગે એમના શુભાગમનનો આનંદ અનુભવ્યો.

પ્રકૃતિ પણ પુલકિત કે પ્રસન્ન બની ઊઠી.

કૃષ્ણના જયઘોષથી પૃથ્વી અને આકાશ ગુંજી ઊઠ્યાં.

પ્રજાએ કૃષ્ણ ને બળરામને પુષ્પમાળાઓથી ઢાંકી દીધા.

નગરમાં ચારેકોર ઉત્સવ થવા લાગ્યો.

વસુદેવ અને દેવકીના પ્રસન્નતાનો પાર ના રહ્યો. કૃષ્ણ અને બળરામ એમની સેવા કરવા લાગ્યા.

મથુરાની પ્રજાની શક્તિ દિનપ્રતિદિન વધવા લાગી.

એ શક્તિમાં કૃષ્ણના પરાક્રમની ખ્યાતિ ભળવાથી મથુરા પર આક્રમણ કરવાની કોઈની હિંમત નહોતી થતી.

એ વખતે મહારાજા પાંડુના મૃત્યુના શોકમાં ડૂબેલી વસુદેવની બેન કુંતી પાંડવો સાથે હસ્તિનાપુરમાં વાસ કરતી.

કૃષ્ણે એમને આશ્વાસન આપ્યું અને પોતાના દૂત અક્રૂરને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ ને દ્રોણ પાસે મોકલીને પાંડવોની સારી પેઠે સંભાળ રાખવાની ભલામણ કરી.

કૃષ્ણ અને બળરામના શુભાગમનના સમાચાર ગોકુળ તથા વૃંદાવનમાં પણ પહોંચી ગયા.

એ સમાચાર સાંભળીને રાધા આનંદી ઊઠી.

એણે સુપ્રિયાને કહ્યું :

‘આપણો કૃષ્ણ મથુરા પાછો આવી ગયો છે. પરંતુ એ વૃંદાવનને વીસરી ગયો લાગે છે.’

‘વૃંદાવનને વીસરી તો ના જાય.’ સુપ્રિયા બોલી; ‘વીસરવા માગે તોપણ ના વીસરી શકે. વૃંદાવન તો એના જીવનમાં વણાઈ ગયું છે.’

‘છતાં પણ એ ઘડીવારને માટે પણ અહીં નથી આવી શકતો એ આશ્ચર્ય નથી? હવે એ મોટી સમસ્યાઓમાં ને મોટી ચિંતાઓમાં પડી ગયો છે ને ઘણો મોટો માણસ થઈ ગયો છે.’



‘તોપણ એ તને તો નહીં જ ભૂલ્યો હોય. તને એ ધારશે તોપણ કદી કાળ નહીં ભૂલી શકે. અને એવું ધારે પણ શા માટે? એનો આત્મા એવો કૃતઘ્ની તો નથી જ.’

‘એ તો હું પણ જાણું છું. પરંતુ...’ રાધા આગળ બોલી ના શકી. એ ભાવમા ડૂબી ગઈ.

સુપ્રિયા એની ભાવધારાને સમજી ગઈ ને બોલી :

‘એના મધુમય મુખને જોયે લાંબો વખત થયો એમ જ ને? એની વાણીને સાંભળ્યે, એની વાંસળીના સ્વરનો સ્વાદ માણ્યે, કેટલાય દિવસો વીતી ગયા. એ પણ તારે માટે એવું જ વિચારતો હશે. એને પણ એના જીવનમાં તારા વિના કશુંક ખૂટતું લાગતું હશે.’

‘એવું જ હોય તો એ અહીં દોડી ના આવે? એને કોણ રોકે છે?’

‘તું જ કહે ને કોણ રોકે છે?’

‘પરિસ્થિતિ, સંજોગો અથવા કાળ. છતાં પણ એને આવવું હોય તો ના જ અવાય એવું નથી. એ આવે કે ના આવે એથી મારા એની પ્રત્યેના પ્રેમભાવમાં કશો જ ફેર નથી પડવાનો. દિવસના વધવા સાથે એ વધતો જ જશે. એને જોઈ શકું કે ના જોઈ શકું તોપણ એ એવો જ અકબંધ રહેશે. કારણ કે એ એકદમ નિરપેક્ષ છે. છતાં પણ એ અહીં એકાદ વાર પણ આવી જાય તો આ ભૂમિને, ગાયોને, ગોપગોપીને અને ગોકુળ—વૃંદાવનના વ્યાકુળ વાયુમંડળને કેટલો બધો રસ, કેટલું બધું જીવન, ને કેટલી બધી શાંતિ મળે? હું એ જ દૃષ્ટિએ વિચાર કરું છું—વ્યાપક દૃષ્ટિએ. તું જ કહે કે એ વૃંદાવનમાં અને આપણા જીવનમાં પાછો આવે એવી ઝંખના તને નથી થતી?’

(ક્રમશઃ)